
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



પુ૦ ૨૮ મું.
ફાલ્ગુન.
અંક ૮ મો.

પ્રકાશક,
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર.

વીર સં. ૨૪૫૭
આત્મ સં. ૩૫.
વિ. સં. ૧૯૮૭

મૂલ્ય રૂ. ૧) પો૦ ૪ આના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિષય-પરિચય.


૧ શ્રી શાન્તિનાથ સ્તુતિ. ... ( ન્યાયતીર્થ મુનિ હિમાંશુવિ૦ અનેકાંતી ) ... ૧૭૯
૨ શ્રી તીર્થંકર ચરિત્ર. ... ( મુનિરાજ શ્રી દર્શનવિજયજી મહારાજ. ) ... ૧૮૨
૩ દ્રવ્યગુણપર્યાય વિવરણ. ... ( શંકરલાલ ડી. કાપડીયા. )... ... ૧૮૬
૪ કદાગ્રહ... ... ... ( છગનલાલ નહાનચંદ નાણાવટી. ) ... ૧૮૯
૫ સેવાધર્મના મંત્રો. ... ... ( વિઠ્ઠલદાસ મૂ૦ ) ... ... ૧૯૦
૬ શ્રી શત્રુંજય તીર્થોદ્ધાર પ્રબંધ. ... ( આત્મવલ્લભ. ) ... ... ૧૯૩
૭ અધ્યાત્મ જ્ઞાનનિરૂપણ પ્રશ્નોત્તર. (યોજક ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ)... ૧૯૫
૮ સ્વીકાર સમાલોચના. ... ... ... ... ... ... ૨૦૨
૯ જૈન સમાજને નમ્ર નિવેદન. ... ... ... ... ... ૨૦૪



## શ્રીપાળ મહારાજનો રાસ.

શ્રી નવપદજી મહારાજનો મહિમા અપૂર્વ છે, જે કોઇ પણ જૈન તે માટે અજાણ નથી. ચૈત્ર માસ અને આશો માસમાં આવતા ઓળી-આયંબીલ તપ કરી શ્રી નવપદજી માહારાજની આરાધના કરાય છે. તે અઠ્ઠાઇના દિવસોમાં શ્રી નવપદજી મહારાજનું અપૂર્વ મહાત્મ્ય જેમાં આવેલ છે, તેવા શ્રીપાળ મહારાજનું અદ્દભુત ચરિત્ર તેનો રાસ જે વંચાય છે તે મૂળ તથા તેનું સરલ ગુજરાતી ભાષાંતર સર્વ કોઇ સમજી શકે તેવી ગુજરાતી ભાષામાં આ ગ્રંથમાં આપવામાં આવેલ છે. પાના ૪૬૦ પાકું કપડાનું બાઇડીંગ સુંદર ગુજરાતી ભાષામાં પ્રગટ થયેલ છે, ચૈત્ર શુદ ૧૫ પુર્ણીમા સુધીમાં લેનારને બે રૂપીયા ( પોસ્ટેજ જુદું ) ની કિંમતે આપવામાં આવશે.

લખોઃ—

શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.


**સુચના**—આ માસિકમાં આવતા લેખો માટે તેના લેખક જવાબદાર છે અને તે માંહેની હકીકત માટે અમો સમ્મત જ હોઇએ તેમ માનવાનું નથી.

( માસિક કમીટી. )

ભાવનગર ધી "આનંદ" પ્રીન્ટીંગ પ્રેસમાં-શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

यदुत भो भद्राः सद्धर्मसाधनयोग्यत्वमात्मनोऽभिलषद्भिर्भवद्भिस्तावदिदमादौ कर्तव्यं भवति यदुत सेवनीया दयालुता न विधेयः परपरिभवः मोक्तव्या कोपनता वर्जनीयो दुर्जनसंसर्गः विरहितव्यालीकवादिता अभ्यसनीयो गुणानुरागः न कार्या चौर्यबुद्धिः त्यजनीयो मिथ्याभिमानः वारणीयः परदाराभिलाषः परिहर्तव्यो धनादि गर्वः ।

ततो भविष्यति भवतां सर्वज्ञोपज्ञ सद्धर्मानुष्ठानयोग्यता ॥

उपमिति भवप्रपञ्चा कथा-सप्तम प्रस्ताव.

पुस्तक २८ } वीर सं. २४५७. फाल्गुन. आत्म सं. ३५. { अंक ८ मो.

## श्री शान्तिनाथ स्तुतिः

रचयिता—न्यायतीर्थ मुनि हिमांशुवि. "अनेकान्ती"

( १ )

शान्तिजिन स्तुतिः — शान्तिः शान्तिं ।
दद्यात् शीघ्रम् ॥

१ 'अत्युक्ता' જાતિના છન્દનો 'श्री' નામના પ્રથમ છન્દમાં આ શ્લોક છે. આના કુલ ૪ ભેદો પ્રસ્તારથી થાય છે, તે પૈકી આ પહેલો ભેદ છે. આ 'श्री' છન્દને કેટલાક આચાર્યો पद्मच्छन्द પણ કહે છે. જુઓ સર્વજ્ઞકલ્પ શ્રી હેમચન્દ્ર પ્રભુનું સ્વોપજ્ઞ ટીકાયુક્ત छन्दोऽनुशासनम् અધ્યાય ૨ સૂત્ર ૫ 'अत्युक्तायां गौ श्रीः'...पद्ममित्येके। "वीरं देवं नित्यं वन्दे" નામની પ્રસિદ્ધ સ્તુતિ પણ આજ છન્દમાં સમજવી. આ છન્દના દરેક પાદમાં ૨ ગુરૂ વર્ણ હોય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( २ )

साधारण तीर्थंकराः — तीर्थेशा वः ।
सम्यक् पान्तु ॥

( ३ )

वाग्देवी स्तुतिः — जैनीर्गीर्मे ।
कुर्याद् बोधिम् ॥

( ४ )

शासनदेवी स्तुतिः — निर्वाणी स्याद् ।
वस्सौख्याय ॥

## श्री पार्श्वनाथ स्तुतिः

( १ )

पार्श्वनाथ स्तुतिः — पार्श्वं[1] तं शक्राच्र्यम् ।
सद्वन्द्यं वन्देऽहम् ॥

( २ )

साधारण जिनाः — अर्हन्तः श्रीमन्तः ।
निर्मोहा दद्युः शम् ॥

( ३ )

ज्ञानम्— सज्ज्ञानं कन्याणम् ।
भव्यानां कुर्याद्वः ॥

---

૧ છન્દના મૂળ ૨૭ ( સત્તાવીશ ) ભેદોમાં **मध्या** ભેદના આઠ ભેદો પૈકી **मारी** નામના પહેલા છન્દમાં આ સ્તુતિ છે. જુઓ સર્વશાસ્ત્રપારંગત આચાર્ય શ્રી હેમચન્દ્ર સૂરિનું સ્વોપજ્ઞ **छन्दोऽनुशासनम्** અધ્યાય ૨ સૂત્ર ૧૦ '**मध्यायां मो मारी**' આ છન્દના એક પાદમાં ત્રણ જ ગુરૂ અક્ષર હોય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ४ )

पार्श्वयक्षः — श्रीपार्श्वो यक्षेशः ।
यच्छतां मां धर्मे सः ॥

## श्री महावीर परमात्म स्तुतिः

( १ )

महावीरः — पापैस्त्यक्तं दुःखैर्मुक्तम् ।
वीरं नाथं वन्दे वन्द्यम् ॥

( २ )

साधारण तीर्थंकराः — सर्वे सार्वाः सिद्धार्था ये ।
युष्माकं ते सिद्धिं दद्युः ॥

( ३ )

ज्ञानम्— ज्ञानज्योति–र्विश्वद्योति ।
जैनास्याब्जं प्राज्यं स्तौमि ॥

( ४ )

सिद्धादेवी: — सिद्धादेवी मातङ्गश्च ।
भव्यानां सत् सौख्यं कुर्युः ॥

---

१ **प्रतिष्ठा** નામની છન્દની જાતિનો ‘कन्या’ નામના પહેલા છન્દમાં આ થોય છે. આના ૧૫ ભેદો થાય છે. જુઓ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યનું **छन्दोऽनुशासनम्** ‘प्रतिष्ठायां गौ कन्या’ अध्याय २ सूत्र १४. આ છન્દના પ્રત્યેક પાદમાં ૪ ગુરૂ અક્ષર થાય છે.

For Private And Personal Use Only

અગિઆર અંગોમાં નિરૂપણ કરેલ

# શ્રી તીર્થંકર ચરિત્ર.

( ગતાંક પૃષ્ઠ ૧૬૭ થી શરૂ. )

૧૦ તે કાળે અને તે સમયે શ્રમણ ભગવાન્ મહાવીરના શિષ્ય **આનન્દ** નામે સ્થવિર પ્રકૃતિના ભદ્ર અને યાવદ્ વિનીત હતા, તે છઠ્ઠ છઠ્ઠના નિરન્તર તપ-કર્મ કરવાવડે અને સંયમવડે આત્માને ભાવિત કરતા વિહરતા હતા. હવે તે **આનંદ** સ્થવિરે છઠ્ઠ ક્ષપણના પારણાને દિવસે પ્રથમ પૌરૂષીને વિષે ઇત્યાદિ **ગૌતમસ્વામી**ની પેઠે રજા માગી અને યાવત્ તે ઉચ્ચ, નીચ અને મધ્યમ કુળમાં યાવત્ ગોચરીએ જતા હાલાહલા **કુંભારણના કુંભકારાપણ**–હાટથી થોડે દૂર ગયા, તે વખતે મંખલીપુત્ર ગોશાલકે હાલાહલા કુંભારણના હાટથી થોડે દૂર જતાં આનન્દ સ્થવિરને જોયા, જોઇને તેણે એ પ્રમાણે કહ્યું કે હે આનન્દ ! અહિં આવ અને એક મારૂં **દ્રષ્ટાન્ત** સાંભળ. જ્યારે મંખલીપુત્ર ગોશાલકે એ પ્રમાણે કહ્યું એટલે તે આનન્દ સ્થવિર જ્યાં હાલાહલા કુંભારણનું કુંભકારાપણ છે અને જ્યાં મંખલિપુત્ર **ગોશાલક છે ત્યાં આવ્યા.** હવે તે મંખલિપુત્ર ગોશાલકે આનન્દ સ્થવિરને આ પ્રમાણે કહ્યું, હે આનન્દ ! એ પ્રમાણે ખરેખર આજથી ઘણા કાળ પહેલાં અનેક પ્રકારના ધનના અર્થી, ધનના લોભી, ધનની ગવેષણા કરનાર, ધનાકાંક્ષી અને ધનની તૃષ્ણાવાળા કેટલાએક ધન મેળવવા માટે અનેક પ્રકારના પુષ્કળ પ્રણીત સુન્દર ભાંડ–વસ્તુઓ ( અથવા કરીયાણા રૂપ ભાંડને ) લઇને તથા ગાડી અને ગાડાંઓના સમૂહવડે પુષ્કળ અનાજ અને પાણી રૂપ પાથેય ગ્રહણ કરીને એક મોટી ગામ રહિત–પાણીના પ્રવાહ રહિત સાર્થાદિકના આગમન રહિત અને લાંબા માર્ગવાળી **અટવી**માં પ્રવેશ કર્યો. ત્યારપછી તે વણિકોનું ગામ રહિત પાણીના પ્રવાહ રહિત સાર્થાદિકના આગમન રહિત અને લાંબા રસ્તાવાળી તે અટવીનો કંઇક ભાગ ગયા પછી પૂર્વે લીધેલું પાણી અનુક્રમે પીતાં પીતાં ખુટયું, ત્યારે પાણી રહિત થએલ અને તૃષાથી પીડાતા તે વણિકોએ પરસ્પરને બોલાવીને આ પ્રમાણે કહ્યું. એ પ્રમાણે ખરેખર હે દેવાનુપ્રિયો, આ ગામ રહિત ઇત્યાદિ યાવત અટવીમાં કંઇક ભાગ ગયા પછી પહેલા લીધેલું આપણું પાણી અનુક્રમે પીતાં પીતાં ખુટી ગયું છે, તે માટે હે દેવાનુપ્રિયો ! આ ગામ રહિત યાવત્ અટવીને વિષે આપણે પાણીની ચોતરફ ગવેષણા કરવી શ્રેયસ્કર છે, એમ વિચાર કરી એક બીજાની પાસેથી આ વાત સાંભળીને તેઓએ ગામ રહિત અટવીમાં પાણીની ચોતરફ તપાસ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરી. પાણીની ચોતરફ તપાસ કરતાં તેઓને એક મોટું **વનખંડ** પ્રાપ્ત થયું. જે વનખંડ શ્યામ અને શ્યામ કાન્તિવાળું યાવત મહા મેઘના સમૂહ જેવું પ્રસન્નતા ઉત્પન્ન કરનારૂં અને યાવત સુન્દર હતું, તે વનખંડના બરોબર મધ્ય ભાગમાં તેઓએ એક મોટો વલ્મિક–**રાફડો** જોયો. તે વલ્મિકને સિંહની કેશવાળી જેવાં અવયવોવાળાં ઉંચાં **ચાર શિખરો** હતાં, તે તીર્છી વિસ્તીર્ણ, નીચે અર્ધ સર્પના જેવાં અર્ધ સર્પની આકૃતિવાળાં પ્રસન્નતા ઉત્પન્ન કરનાર અને યાવત્ સુન્દર હતાં, તે વલ્મિકને જોઈને પ્રસન્ન અને સંતુષ્ટ થયેલા તે વણિકોએ એક બીજાને બોલાવીને આ પ્રમાણે કહ્યું કે હે દેવાનુપ્રિયો, એ પ્રમાણે ખરેખર આપણે આ ગામ રહિત એવી અટવીમાં યાવત ચોતરફ તપાસ કરતાં આ શ્યામ અને શ્યામ કાન્તિવાળું વનખંડ જોયું અને આ વનખંડના બરાબર મધ્ય ભાગમાં આ વલ્મિક જોયો. આ વલ્મિકને ચાર ઉંચા યાવત્ પ્રતિરૂપ સુન્દર શિખરો છે તે માટે હે દેવાનુપ્રિયો ! આ વલ્મિકનું શિખર ફાડવું એ શ્રેયસ્કર છે કે જેથી આપણે પુષ્કળ ઉત્તમ પાણી પ્રાપ્ત કરીએ, ત્યાર પછી તે વણિકોએ એકબીજાની પાસેથી આ કથન સાંભળીને વલ્મિકના શિખરને ફોડયું, તેથી તેઓને ત્યાં સ્વચ્છ હિતકારક ઉત્તમ હલકું અને સ્ફટિક વર્ણ જેવું પુષ્કળ અને **ઉત્તમ પાણી** પ્રાપ્ત થયું, ત્યાર પછી પ્રસન્ન અને સંતુષ્ટ થયેલા તે વણિકોએ પાણી પીધું અને ( બળદ વગેરે ) વાહનોને પાણી પાયું, પાણી પાઇને પાત્રો ભર્યાં, ભરીને બીજી વાર તેઓએ પરસ્પર આ પ્રમાણે કહ્યું, હે દેવાનુપ્રિયો ! આપણે એ પ્રમાણે ખરેખર આ વલ્મિકના પ્રથમ શિખરને ભેદવાવડે પુષ્કળ ઉત્તમ પાણી પ્રાપ્ત કર્યું તો હે દેવાનુપ્રિયો ! હવે આપણે આ વલ્મિકના બીજા શિખરને ભેદવું શ્રેયસ્કર યોગ્ય છે કે જેથી આપણે અહિં ઉદાર અને ઉત્તમ **સુવર્ણ** પ્રાપ્ત કરીએ, ત્યારબાદ તે વણિકોએ એકબીજાની પાસેથી આ કથન સાંભળીને તે વલ્મિકના બીજા શિખરને પણ ફોડયું, તેથી તેમાં સ્વચ્છ ઉત્તમ તાપને સહન કરનાર મહા અર્થવાળું અને મહા મૂલ્યવાળું પુષ્કળ ઉત્તમ **સુવર્ણ** પ્રાપ્ત કર્યું, સુવર્ણને પ્રાપ્ત કરવાથી પ્રસન્ન અને સંતુષ્ટ થયેલા તે વણિકોએ પાત્રો ભર્યા. પાત્રો ભરીને વાહનો ભર્યા, વાહનો ભરીને ત્રીજીવાર તેઓ પરસ્પર એ પ્રમાણે બોલ્યા, હે દેવાનુપ્રિયો ! આપણે આ વલ્મિકના પ્રથમ શિખરને ભેદતાં ઉદાર એવું ઉત્તમ જલ પ્રાપ્ત કર્યું અને બીજું શિખર ભેદતાં ઉદાર એવું ઉત્તમ સુવર્ણ પ્રાપ્ત કર્યું, તે માટે હે દેવાનુપ્રિયો ! આપણે હવે આ વલ્મિકનું ત્રીજું શિખર પણ ફોડવું શ્રેયસ્કર છે કે જેથી અહિં ઉદાર એવું મણિરત્ન પ્રાપ્ત કરીએ. ત્યાર પછી તે વણિકોએ એકબીજાની પાસેથો આ કથન સાંભળીને તે વલ્મિકનું ત્રીજું શીખર પણ ભેદ્યું. તેથી તેઓએ ત્યાં વિમલ નિર્મલ અત્યન્ત ગોળ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિષ્કલત્રાસાદિ દોષ રહિત મહા અર્થવાળું મહા પ્રયોજનવાળું મહા મૂલ્યવાળું અને ઉદાર એવું **મણિરત્ન** પ્રાપ્ત કર્યું, મણિરત્ન પ્રાપ્ત કરવાથી હૃષ્ટ અને સંતુષ્ટ થયેલા તે વણિકોએ પાત્રો ભર્યા, પાત્રો ભરીને વાહનો ભર્યા, વાહનો ભરીને તેઓએ ચોથીવાર પણ એકબીજાને કહ્યું કે હે દેવાનુપ્રિયો ! એ પ્રમાણે ખરેખર આ વલ્મિકના પ્રથમ શીખરને ભેદવાથી પુષ્કળ અને ઉત્તમ પાણી પ્રાપ્ત કર્યું, બીજું શિખર ભેદવાથી પુષ્કળ સુવર્ણ પ્રાપ્ત કર્યું, ત્રીજું શિખર ભેદવાથી ઉદાર મણિરત્ન પ્રાપ્ત કર્યું, તો હે દેવાનુપ્રિયો ! આપણે હવે આ વલ્મિકના ચોથા શિખરને પણ ભેદવું યોગ્ય છે કે જેથી આપણે ઉત્તમ મહામૂલ્ય મહા પ્રયોજનવાળું મહા પુરૂષયોગ્ય અને ઉદાર એવું **વજ્રરત્ન** પ્રાપ્ત કરીએ. ત્યારપછી તે વણિકોના હિતની ઇચ્છાવાળો, સુખની ઇચ્છાવાળો, પથ્યની ઇચ્છાવાળો, **અનુકમ્પાવાળો,** નિઃશ્રેયસ કલ્યાણની ઇચ્છાવાળો તેમજ હિત સુખ અને નિઃશ્રેયસની ઇચ્છાવાળો એક **વણિક** હતો તેણે તે વણિકોને એ પ્રમાણે કહ્યું, હે દેવાનુપ્રિયો ! આપણે આ વલ્મિકના પ્રથમ શિખરને ભેદવાથી ઉદાર અને ઉત્તમ જલ પ્રાપ્ત કર્યું, યાવત ત્રીજું શિખર ભેદવાથી ઉદાર મણિરત્ન પ્રાપ્ત કર્યું **એટલું ઘણું છે.** હવે આપણે આ ચોથું શિખર ભેદવું યોગ્ય નથી, કારણ કે ચોથું શિખર કદાચ આપણને ઉપદ્રવ કરનાર થાય ! ત્યારે તે વણિકોએ હિતની ઇચ્છાવાળા સુખની ઇચ્છવાળા યાવત્ હિત સુખ અને નિઃશ્રેયસની ઇચ્છાવાળા તથા ઉપર પ્રમાણે કહેતા યાવત પ્રરૂપણા કરતા એવા તે વણિકના કથનમાં શ્રદ્ધા ન કરી યાવત્ રૂચિ ન કરી, તેના કથનની શ્રદ્ધા નહિં કરતા યાવત રૂચિ નહિ કરતા તે વણિકોએ તે વલ્મિકના ચોથા શિખરને પણ ભેદ્યું. તેથી તેઓએ ત્યાં ઉગ્ર વિષવાળો, પ્રચંડ વિષવાળો, ઘોર વિષવાળો, મહા વિષવાળો, અતિકાયવાળો, મોટા શરીરવાળો અને મષી તથા મુષાના સમાન કાળા વર્ણવાળો દષ્ટિના વિષ અને રોષવડે પૂર્ણમષીના ઢગલાના જેવી કાન્તિવાળો, લાલ આંખવાળો જેને ચપલ અને સાથે ચાલતી બે જીભો છે એવો પૃથ્વીતલમાં વેણિ સમાન ઉત્કટ-સ્પષ્ટ વક્ર-જટિલ કેસવાળીયુક્ત; અને જાણી શકાય તેવો ઉગ્ર અને તીવ્ર રોષવાળો, શ્વાનના મુખપેઠે ત્વરિત અને ચપલશબ્દ કરતો એવો **દષ્ટિવિષસર્પ** દેખ્યો, ત્યારબાદ તે વણિકોએ તે દષ્ટિ-વિષ સર્પનો સ્પર્શ કર્યો એટલે અત્યન્ત ગુસ્સે થએલા અને યાવત્ ક્રોધથી બળતાં તેણે ધીમે ધીમે ઉઠી સરસરાટ કરતા વલ્મિકના શિખર ઉપર ચઢીને સૂર્યને જોઇને તે વણિકોને અનિમિષ દષ્ટિવડે ચોતરફ જોયા, ત્યારપછી તે દષ્ટિ-વિષસર્પ ચોતરફ જોઇ તે વણિકોને પાત્ર વિગેરે ઉપકરણ સહિત એક પ્રહારવડે **કૂટાઘાત** પાષાણમય યંત્રના આઘાતની પેઠે જલ્દી **ભસ્મરાશિ**રૂપ કર્યા, તે વણિકોમાં જે વણિક તે વણિકોના હિતની ઇચ્છાવાળો યાવત્ હિત સુખ અને નિઃશ્રેય-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સકલ્યાણુની ઇચ્છાવાળો હતો, તેના ઉપર દયાથી તે દેવે પાત્ર વગેરે ઉપકરણુ સહિત તેને પોતાના નગરે મુકયો, એ પ્રમાણે હે **આનન્દ,** તારા પણ ધર્માચાર્ય અને ધર્મોપદેશક શ્રમણ **જ્ઞાતપુત્રે** ઉદાર પર્યાય અવસ્થા પ્રાપ્ત કર્યો છે અને તેની દેવો મનુષ્યો અને અસુરો સહિત આ જીવલોકમાં, શ્રમણ ભગવાન મહાવીર, એવા ઉદાર કીર્તિવર્ણ શબ્દ અને શ્લોક યશવ્યાપ્ત થયા છે, વ્યાકુલ થયા છે અને સ્તવાયા છે તો જો મને તે આજ કૈં પણ કહેશે તો મારા તપના તેજવડે એક ઘાએ કૂટાઘાત પાષાણુમય યન્ત્રના આઘાતની પેઠે જેમ સર્પે વણિકોને બાળ્યા તેમ બાળીને ભસ્મ કરીશ. હે આનન્દ, જેમ તે વણિકોનું હિત ઇચ્છનાર યાવત્ નિઃશ્રેયસ કલ્યાણ ઇચ્છનારને વણિકને દેવતાએ અનુકંપાથી પાત્રો વગેરે ઉપકરણ સહિત પોતાને નગરે મુકયો તેમ હું તારૂં સંરક્ષણ અને સંગોપન કરીશ. તે માટે હે આનન્દ ! તું જા. અને તારા ધર્માચાર્ય અને ધર્મોપદેશક શ્રમણ જ્ઞાતપુત્રને આ વાત કહે. ત્યારબાદ મંખલિપુત્ર ગોશાલાએ તે આનન્દ સ્થવિરને આ પ્રમાણે કહ્યું એટલે તે ભય પામ્યા અને યાવત્ ભયભીત થયેલાને તે મંખલિપુત્ર ગોશાલાની પાસેથી અને હાલાહલા કુંભારણના કુંભકારાપણુથી પાછા વળીને શીઘ્ર અને ત્વરિત **શ્રાવસ્તી** નગરીના મધ્યભાગમાંથી નીકળીને જ્યાં **કોષ્ટક** ચૈત્ય હતું અને જ્યાં **શ્રમણ ભગવાન** મહાવીર હતા ત્યાં આવ્યા, ત્યાં આવીને શ્રમણ ભગવાન મહાવીરને ત્રણવાર પ્રદક્ષિણા કરી વંદન અને નમસ્કાર કરી આ પ્રમાણે બોલ્યા " હે ભગવન્ ! ખરેખર એ પ્રમાણે હું છઠ્ઠ ક્ષપણના પારણાને વિષે આપની અનુજ્ઞાથી શ્રાવસ્તી નગરીમાં ઉચ્ચ નીચ અને મધ્યમ કુળમાં ગોચરીએ જતાં હાલાહલા કુંભારણના ઘર પાસેથી યાવત્ જતો હતો, ત્યાં મંખલિપુત્ર ગોશાલે મને હાલાહલા કુંભારણના ઘરથી થોડે દૂર જતાં યાવત્ જોઇને એ પ્રમાણે કહ્યું. હે આનન્દ, અહીં આવ અને મારૂં એક દૃષ્ટાન્ત સાંભળ ! ત્યારપછી મંખલિપુત્ર ગોશાલે એ પ્રમાણે કહ્યું એટલે જ્યાં હાલાહલા કુંભારનું કુંભકારાપણ હતું અને જ્યાં મંખલિપુત્ર ગોશાલક હતો ત્યાં હું આવ્યો ત્યારે મંખલિપુત્ર ગોશાલકે મને આ પ્રમાણે કહ્યું: હે આનન્દ, ખરેખર આજથી ઘણા કાળ પૂર્વે અનેક પ્રકારના કેટલાએક વણિકો ઇત્યાદિ પૂર્વોકત સર્વ કહેવું. યાવત દેવતાએ પોતાના નગરે મુકયો તે માટે હે આનન્દ, તું જા અને તારા ધર્માચાર્ય અને ધર્મોપદેશકને યાવત્ કહે. "

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# દ્રવ્યગુણપર્યાય વિવરણ.

( ગતાંક પૃષ્ટ ૧૬૯ થી શરૂ. )

## ભૂત પદાર્થ વિષયનું જ્ઞાન સર્વથા અસત્ નથી.

**નૈયાયિકોની માન્યતા છે** કે અસત્ એટલે અવિદ્યમાન ઘટ આદિ પદાર્થનું જ્ઞાન અતીત એટલે ભૂત પદાર્થના વિષયવાળું થાય છે તેવી રીતે અવિદ્યમાનરૂપ ઘટ આદિ કાર્ય મૃતિકાને કુંભાર આદિ સામગ્રીથી ઉત્પન્ન થાય છે.

નૈયાયિકોને ઉત્તર આપતાં કહે છે કે નૈયાયિકોનું કથન વ્યાજબી નથી. કારણ કે ઘટાદિ જે પદાર્થ છે તે સર્વથા અસત્ નથી કારણકે અતીત વિષયવાળો જે ઘટ તે પર્યાયાર્થિક નયથી નથી સમજવાનો, પણ દ્રવ્યાર્થિક નયથી તે નિત્ય છે, જેથી ઘટનો નાશ થઇ ગયા પછી પણ તે માટી રૂપે વિદ્યમાન રહે છે. જો તે દ્રવ્ય સર્વથા ન હોત તો સસલાનાં શીંગડાની પેઠે સર્વથા અભાવ થઈ જાત. જે પદાર્થ સર્વથા અવિદ્યમાનપણે જ્ઞાનમાં ભાસે છે તે પદાર્થમાં વિદ્યમાનપણું કેવી રીતે આવી શકે તેથી કરીને જે કંઇ ભૂત વિષય છે તે સર્વથા અસત્ નથી પરંતુ સત્ રૂપે જ પ્રવર્તે છે જે વસ્તુ દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ નિત્યપણે વર્તે છે તે વસ્તુમાં આકારનો અભાવ હોવાથી પર્યાયાર્થિક નયથી તેનું અનિત્યપણું દેખાય છે. બાકી કોઇપણ પદાર્થ સર્વથા અસત્ નથી.

## સત્ પદાર્થની ઉત્પત્તિ થવાનું કારણ.

દ્રવ્યમાં સમવાયી ભૂત વિષય પદાર્થ રહેલો છે તે કારણનો ઉદય થવાથી તે કાર્યપણાને પ્રાપ્ત થઇને દેખાય છે તેથી કરીને જ સત્ પદાર્થની ઉત્પત્તિ થાય છે પણ અસત્ પદાર્થની થતી નથી.

## અતીત પદાર્થનો ભાસ જ્ઞાન સ્વભાવમાં થતો નથી.

અતીત પદાર્થનો ભાસ જ્ઞાન સ્વભાવમાં થઈ શકે નહિ અને જો થઇ શકતો હોય તો સંસારના તમામ પદાર્થનો પણ જ્ઞાન સ્વભાવમાં ભાસ થવો જોઇએ.

## બાહ્યાકાર અસત્ દેખાય છે તેનું કારણ.

બાહ્યાકાર જે અસત્ દેખાય છે તેનું કારણ અનાદિ અજ્ઞાન છે, કારણ કે અનાદિકાળના અજ્ઞાનને લઇને બાહ્યાકાર સ્વપ્નના પદાર્થની જેમ અસત્ દેખાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## અસત્ પદાર્થનો ભાસ થવાનું કારણ જ્ઞાન નથી.

અસત્ પદાર્થનો ભાસ થવાનું કારણ જો જ્ઞાન માનવામાં આવે તો આખું જગત્ જ્ઞાનાકારપણે જ થઇ જાય. બાહ્યદૃષ્ટિથી દેખાતા સઘળા પદાર્થો અસત છે અને બાહ્યાકાર રહિત શુદ્ધ જ્ઞાનમાં જ અછતા પદાર્થનો ભાસ થાય છે એમ કહેવામાં આવે તો અનાદિની અજ્ઞાન વાસનાનો અભાવ સિદ્ધ થશે. માટે સમજવાનું કે બાહ્યાકારમાં અનાદિની અજ્ઞાન વાસનાને લઇને જ અસત પદાર્થનો ભાસ થાય છે.

## પદાર્થમાં આકારો ઉત્પન્ન થવાનું કારણ.

સત પદાર્થના અનેક કારણો જે તિરોભાવ શક્તિપણે ગુપ્તપણે રહેલા છે તેનાથી બાહ્ય દેખાતા આકારો ઉત્પન્ન થાય છે.

## મૂળ દ્રવ્યરૂપથી કોઇ પદાર્થનો ઉત્પત્તિ નાશ નથી.

મૂળ દ્રવ્યરૂપથી કોઇપણ પદાર્થની ઉત્પત્તિ યા તો નાશ થતો નથી.

## પર્યાયનો દ્રવ્યની સાથે સંબંધ.

પર્યાયનો દ્રવ્યની સાથે અન્વય સંબંધ છે.

## અન્વય સંબંધથી શું સિદ્ધ થાય છે ?

અન્વય સંબંધથી દ્રવ્ય પદાર્થમાં ઉત્પત્તિ નથી ને વિનાશ પણ નથી.

## પદાર્થની ઉત્પત્તિ અને નાશ થવાનું કારણ.

પર્યાયથી સર્વ પદાર્થની ઉત્પત્તિ ને નાશ બન્ને થાય છે.

## નિશ્ચય રૂપ અને ચળાયમાન અનુભવ.

જે પર્યાય દ્રવ્યમાં સત્પણે છે તેમાં નિશ્ચયરૂપનો અનુભવ થાય છે, અને જે પર્યાય દ્રવ્યમાં અસત્પણે છે તેમાં જે અનુભવ થાય છે તે ચળાયમાન અનુભવ કહેવાય છે. દાખલા તરીકે કમળાના રોગને લીધે શંખ પીળા રંગનો દેખાય છે અને તેજ કમળાનો રોગ જ્યારે દૂર થાય છે ત્યારે શંખનું મૂળ ઉજ્વળ રૂપ દેખાય છે. કારણ કે શંખમાં પિત્તાદિ પર્યાયનો અનુભવ તે અવિચળ પણે નથી પણ ચળાયમાન રૂપે રહે છે. આ ઉપરથી સમજવાનું એ છે કે શંખમાં જે પીળાપણું દેખાય છે. તે પીળાપણાના પર્યાયને લઇને દેખાય છે તેમ નથી, પરંતુ કમળાના રોગથી તે પીળાપણું દેખાય છે, પણ જ્યારે તે નેત્રરોગ દૂર થાય છે ત્યારે તે ઉજ્વળ દેખાય છે અને ભ્રાન્તિનો આપોઆપ નાશ થાય છે અને આમ થવામાં કાંઈ હેતુનો અભાવ નથી, કારણ કે વસ્તુમાં કૃત્રિમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વભાવ છે એમાં બીજા પદાર્થનો વ્યાપાર કાંઇપણ કરી શકાતો નથી; પરંતુ જે કારણથી કૃત્રિમ સ્વભાવ ઉત્પન્ન થયો હોય છે તે કારણની નિવૃત્તિ થયે તે પર્યાય સ્વયમેવ નષ્ટ થઇ જાય છે.

## ભૂત પદાર્થ વર્તમાન પર્યાયથી વર્તમાનપણે જણાય છે.

ભૂત પદાર્થ વર્તમાન પર્યાયથી વર્તમાનપણે જણાય છે. દાખલા તરીકે દ્રવ્યથી સતરૂપ અતીત ઘટને વિષે વર્તમાન જ્ઞેય આકારરૂપ પર્યાયથી હમણાં અતીત ઘટનું જ્ઞાન થાય છે. ઘટને વિષે વર્તમાન જ્ઞેય આકાર રૂપ પર્યાયથી ઘટનું જ્ઞાન થાય છે, બાકી સર્વથા જ્ઞાન સ્વભાવથી અછતા પદાર્થનું જ્ઞાન થતું નથી, અને જો તેમ ન માનો તો અતીત પદાર્થ જે ઘટાદિની, ઘટનો આકાર જોઈ ખબર પડી કે તે ઘટ છે. બાકી જો સર્વથા જ્ઞાન થતું હોય તો તેનું સર્વ કાળે જ્ઞાન હોવું જોઈએ, અતીત પદાર્થ જાણ્યો એમ જે કહેવાય છે તે વર્તમાન પર્યાયથી તો વર્તમાનપણું જ થયું એમ સમજવું. અતીત ઘટરૂપ ધર્મી જો અસત્ હોય તો તે સર્વ કાળે ભાસતો નથી. જે પદાર્થ અસત છે તેનું જ્ઞાન કોઇપણ કાળને વિષે થઇ શકતું નથી. તેમ અવિદ્યમાન પદાર્થ ઉત્પત્તિનો પણ કદાપિ સંભવ જણાતો નથી. સત્ પદાર્થનું જ જ્ઞાન અને સત્ પદાર્થની ઉત્પત્તિ સંભવે છે. કાર્ય અને કારણનો નિશ્ચયથી જેમ અભેદ છે તેમ દ્રવ્ય ગુણ અને પર્યાયનો પણ નિશ્ચયથી અભેદ છે. માટે એ ત્રણેનો અભેદ સ્વીકારવો અને જે ભેદ જણાય છે તે વ્યવહારથી જ છે.

## જુદા જુદા મતોની માન્યતા.

**નૈયાયિકો** ભેદ પક્ષને સ્વીકારે છે. સાંખ્યમતવાળા અભેદ પક્ષને માન્ય રાખે છે અને જૈનમતાવલંબીઓ ભેદ અને અભેદ બન્ને પક્ષનો સ્વીકાર કરે છે. જૈનમતવાળા વ્યવહાર અને નિશ્ચય સમજી બન્ને મતનો વિસ્તાર કરે છે, તે નૈયાયિકો ને સાંખ્યોની પેઠે એકાંતે દ્રવ્યગુણ અને પર્યાયને અનુક્રમે ભેદ અને અભેદ કહેતા નથી; પરંતુ તેને વ્યવહાર અને નિશ્ચયનયની અપેક્ષાએ ભેદ અને અભેદ માને છે.

## નૈયાયિક તથા સાંખ્યમતવાળા શું માને છે ?

નૈયાયિકો માને છે કે કાર્ય અસત દેખાય છે અને કાર્ય કારણ તથા ગુણ ગુણીનો પરસ્પર ભેદ છે અને સાંખ્યમતવાળા કાર્યને સત લેખે છે અને કાર્ય કારણ તથા ગુણ ગુણીનો **સર્વથા** અભેદ જણાય છે, આ બંને માન્યતા સત્ય નથી જેથી જૈનો ભેદાભેદ માને છે તેના કારણો નીચે મુજબ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાર્ય કથંચિત્ સત્ અને કથંચિત અસત્ દેખાય છે અને કાર્ય કારણ તથા ગુણ ગુણીનો કથંચિત ભેદ અને કથંચિત અભેદ જણાય છે અને આથી કરીને જ જૈનોનો **સ્યાદ્વાદ** નામનો મત કહેવાય છે.

જો સ્યાદ્વાદનો સ્વીકાર કરવામાં આવતો નથી તો જે દોષ હંમેશ નિત્યવાદમાં જણાય છે તેજ દોષ સર્વથા એકાન્તવાદથી અનિત્યવાદમાં પણ જણાય છે. માટે પરસ્પર નાશ કરવાવાળા કંટક સમાન અનેક મતોમાં **અનેકાંતવાદી** જૈનશાસન પ્રબળપણે જયવંત વર્તે છે. ( ચાલુ )

## કદાગ્રહ.

( પદ )

જાચા જગમાં બહુ ખરડાએ [1]ડાહ્યા દાટજ વાળેરે;
પ્રભુ વચનમાં ધરે ન શ્રદ્ધા, શંકા કરે સહુ કાળેરે. જાચા ૧

મતિ કલ્પિત વાતો વિસ્તારી, છતાં પડે જગ આગેરે;
સ્વર્ગ, નર્કને મોક્ષ ભૂમિનાં, પ્રત્યક્ષ પ્રમાણો માગેરે. જાચા ૨

મતિ મંદ મિથ્યાભિમાની, હઠવાદી હઠ કરતારે;
કરી અવગણના પ્રભુ વચનની, પંથ અવળે પરવરતારે. જાચા ૩

પુણ્ય પસાયે કદી કેવળી, આવીને ઉપદેશેરે.
ગધા પૂચ્છ પકડેલું તો પણ, નવ છોડે લવલેશેરે. જાચા ૪

તરે ન એવા પામર પ્રાણી, અસાર આ સંસારે રે;
કરી ઉપેક્ષા એ જીવોની, જ્ઞાની દયા દીલ ધારે રે. જાચા ૫

દુર્જન એવા દુરાગ્રહીનો, સંગ સદા પરહરજોરે;
વચન વીરનાં સત્ય પ્રમાણી, ભવજળ પાર ઉતરજોરે. જાચા ૬

**છગનલાલ નહાનચંદ નાણાવટી**
**વેજલપુર-ભરૂચ.**

---

૧ દોઢ ડાહ્યા અગર દોઢ ચતુર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સેવા ધર્મના મંત્રો.

વિઠ્ઠલદાસ-મૂ-શાહ.

( ગતાંક પૃષ્ટ ૧૭૨ થી શરૂ )

તમારૂં વાતાવરણ જેટલી હદ સુધી ખરાબ હોય તેટલી હદ સુધી તેને સેવાનાં કાર્યોવડે સુધારીને સુન્દર બનાવવાની આવશ્યકતા છે.

કદાચ તમે તમારી વર્તમાન પરિસ્થિતિમાંથી સેવાના પ્રસંગ મેળવી નથી શકતા તો જરૂર માનો કે સેવા માટે જેવી પરિસ્થિતિ તમે ઇચ્છતા હો તેવી પરિસ્થિતિમાં પણ તમને સેવાના પ્રસંગ નહિ મળી શકે. જે મનુષ્ય પોતે બીજાની અનેક સેવાઓ સ્વીકારી લે છે, પરંતુ તેના બદલામાં પોતે એક પણ સેવાનું કામ નથી કરતો તે મનુષ્યની જેવો સ્વજન વગરનો અને દુ:ખી બીજો કોઇ નથી.

સ્થલ જગતમાં સેવા, કાર્યનું રૂપ ધારણ કરે છે, આંતરિક સૃષ્ટિમાં સહાનુભૂતિનું સ્વરૂપ લે છે અને માનસિક સૃષ્ટિમાં બોધરૂપે દર્શન આપે છે.

આપણા જીવનના કોઇપણ દિવસની ઉજ્જવલતાનો આધાર જેટલો સૂર્યના પ્રકાશ ઉપર રહેલો છે તેટલોજ સેવાના કોઇ પણ કાર્યના પ્રકાશ ઉપર રહેલો છે.

આતુરતા તેમજ સ્નેહથી કોઇ પણ ન્હાનકડું સેવાનું કાર્ય સવારે ઉઠીનેજ કરવું એ આપણા સુખના ભંડારને ખુલ્લો રાખવાનો સર્વોત્તમ ઉપાય છે.

દયાની માફક સેવા પણ બે દિશાઓમાં સુખ ફેલાવે છે, તે સેવક તેમજ સેવ્ય બન્નેને સુખી બનાવે છે.

બાહ્ય જગતમાં રહેલા ઇશ્વરી અંશની સેવાવડે અંતસ્તલમાં વિરાજમાન ઇશ્વરી અંશનું જ્ઞાન પ્રાપ્ત થાય છે.

જે સેવાનું કાર્ય આપણે સ્વયં પ્રેરણાથી કરીએ છીએ તેજ સાચી સેવાનો નમુનો છે. આપણી સ્થિતિ તથા આસપાસના સંજોગોથી ઉત્પન્ન થતા કર્તવ્યને અનુરૂપ સદ્‌ગુણોનું આચરણ કરવું એ પણ એક સેવા જ છે, જે આપણાથી વધારે બુદ્ધિમાન છે, અનુભવી છે તેઓના પ્રત્યે પૂજ્યભાવ રાખવો અને આપણાથી ઓછું જાણનારનું રક્ષણ કરવું એ પણ તેઓના પ્રત્યે આપણા પ્રેમનું સાચું લક્ષણ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેટલાક તો એમ પ્રેરાઇને સેવા કરે છે કે તે જોઇને પોતાના ઓળખીતા માણુસો પ્રશંસા કરશે અને કેટલાક બીજાને સંકટમાં પડેલા જોઇને સેવા માટે દોડી જાય છે.

જેવી રીતે સુખના સાથી મિત્રો હોય છે તેવી રીતે સુખના દિવસોના સેવક પણ હોય છે. તમારી સેવાવૃત્તિ કેટલે દરજ્જે નિઃસ્વાર્થ છે, એ જાણવા માટે જરા તમારૂં હૃદય તપાસી લેજો.

કોઇ કોઇ વાર એટલું ધ્યાનમાં રાખવું મુશ્કેલ હોય છે કે જે મનુષ્યને ઘણા મિત્રો હોય છે તેની અપેક્ષાએ જે મિત્રહીન છે તેને આપણી મિત્રતાની વધારે આવશ્યકતા છે. તેઓને કોઇ મિત્ર નથી મળતો એ એક સબળ કારણ છે કે આપણેજ તેના મિત્ર બની જવું.

જે લોકો બીજા તરફથી સારા વ્યવહારની આશા રાખે છે તેઓએ બીજાની સાથે સારી રીતે વર્તવું જોઇએ.

ઇશ્વર સેવાના સર્વ કાર્યોનો હિસાબ રાખે છે મનુષ્ય તો એવા કાર્યોનો હિસાબ રાખે છે જે તે સમજી શકે છે અને પસંદ કરે છે.

અનેક મનુષ્યો રૂઢિવશ થઇને સેવા કરે છે. આપણે તો પ્રેમવશ બનીને જગતની સેવામાં આપણું જીવન ગાળવું જોઇએ.

જ્યારે બીજાના દોષ સુધારવા માંડો ત્યારે પહેલાં તો એટલું વિચારી લેવું કે એ દોષ તમે પોતેજ કર્યો છે કે નહિ.

એવી કોઇ વાત કોઈપણ માણુસ સંબંધી ન કરો કે જે તે માણુસના મોઢામોઢ ન કહી શકો એમ હો.

જે જ્ઞાન આપણુને માણુસો વચ્ચેના ભાઇચારા ભણી વધારે ને વધારે ખેંચી જાય છે તેજ જ્ઞાન સંગ્રહણીય છે–મેળવવા યોગ્ય છે.

તમારૂં હૃદય બીજાના કરતાં વધારે પ્રેમપૂર્ણ હોય અને તેને લઇને તમે બીજાની અપેક્ષાએ વધારે સેવા કરી શકતા હો તોજ તમે વધારે જ્ઞાની ગણાશો, નહિ તો નહિ.

જે સાચો જ્ઞાની હોય છે તેને પોતાનાં જ્ઞાનનો ગર્વ નથી હોતો, કેમકે તેને પોતાના અજ્ઞાનનો ખ્યાલ રહે છે.

કદાચ તમે કોઇ રાજ્યના અધિકારી બની ગયા હો તો યાદ રાખો કે તમારા અધિકારને કારણે તમારી ખુશામત કરનાર ઘણાએ મળી જશે, પણ લોકોનો પ્રેમ તો તમે તમારા સદ્ગુણો દ્વારાજ સંપાદન કરી શકશો.

જ્યારે તમે કોઈ અજાણ્યા અપરિચિત લોકોની વચમાં જઇ પડો તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વખતે તેઓનો સદ્દભાવ પ્રાપ્ત કરવાના ઉપાયો વિચારવા ભૂલેચૂકે પણ એવો વિચાર ન કરવો કે તમે તેઓને તમારી મહતાનો પરિચય કઇ રીતે આપી શકો એમ છો,–ઇશ્વરની સાચી ભક્તિપૂજા તેની સૃષ્ટિની સેવામાંજ રહેલી છે.

જો તમારામાં તમારી ભૂલ કબુલ કરવાની શક્તિ હશે તો લોકો તમારા સદ્દગુણોથી ખુશી ખુશી થઇ જશે.

જ્યારે તમને તમારી સાધન સંપત્તિનું અભિમાન થવા લાગે ત્યારે જરા વિચારી લેવું કે એ સાધન–સંપત્તિ તમને તમારા અધિકારને લઇને મળી છે કે સદાચારના પ્રભાવથી મળી છે. દરેક સત્તાપૂર્ણ અધિકારપર આરૂઢ થયેલા મનુષ્યને અમુક જાતની સાધન સંપત્તિ મળીજ હોય છે.

હમેશાં આટલું જરૂર ધ્યાનમાં રાખવું કે કયાંય કોઇ ઉપર મહેરબાની કરતી વેળા તમે તમારા કર્તવ્યથી વિમુખ તો નથી થઇ રહ્યાંને.

જે કાર્યનો આરંભ કર્યો હોય તેની પ્રતિકૂળતાની ફરિયાદ કરવાને બદલે તમે પોતે એ કાર્યને અનુકૂળ બનીને જ તેનો આરંભ કરશો તો સારૂં પરિણામ આવશે.

સાચા મનનના ફલરૂપ સેવા કરવાની શક્તિ હમેશાં વધતી જાય છે અને પછી આપણી ઉન્નતિના વિચાર ઓછું સતાવે છે.

જે લોકો કહે છે કે અમારી સેવાની કોઇ જરાયે કદર નથી કરતું તેઓ સાચી સેવાનું રહસ્ય જ નથી જાણતા.

એ વાત ધ્યાનમાં રાખો કે સેવા કરવાના આપેલા વચનોના વિસ્તારની અપેક્ષાએ તમારા પ્રત્યક્ષ સેવાપૂર્ણ કાર્યોનો વિસ્તાર વધારે થાય છે.

જે સેવા–કાર્યની ખાતર તમારે કર્તવ્યવિમુખ થવું પડે તે વાસ્તવિક રીતે સેવા–કાર્ય જ નથી.

સંકટ વખતે વગર સમજ્યે કંઇ કરવા કરતાં શાંતભાવે સહાનુભૂતિ રાખવી એજ વધારે સારૂં છે.

જે લોકો એમ ધારે છે કે તેઓ કોઇપણ પ્રકારની સેવા કરવાને લાયક નથી તેઓ પશુ, પક્ષી તથા વનસ્પતિને ભૂલી જાય છે.

જે લોકોને સેવા કરવાનો વખત નથી મળતો તેઓનેજ બીજા પાસે સેવા કરાવવા માટે ઘણો વખત મળે છે.

કોઇપણ માણસની વાત સાંભળ્યા પહેલાં તેના સંબંધમાં આપણું ધાર્યું કશું ન કરવું એ એક અનોખી સેવા છે.

સંપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી શત્રુંજય તીર્થોદ્ધાર પ્રબંધ.

( ગતાંક પૃષ્ઠ ૧૬૧ થી શરૂ )

પાટણ તરફ શ્રી સંઘ આવતાં **સોઇલ** ગામમાં, પત્તનવાસી જનો સંઘ સામે આવ્યા. સંઘવી દેશલ તથા સમરાશાહના ચરણને ચંદન તથા સુવર્ણ પુષ્પથી પૂજ્યા. કંઠમાં પુષ્પમાલ પહેરાવી મોદક આદિ ભોજનોથી સ્વાગત કર્યું. તમામ વર્ણના લોકો સામે આવ્યા હતા, તે સર્વેને સંઘપતિએ તાંબુલ, ભોજન, વસ્ત્ર વગેરેથી સન્માન કર્યું. હવે શુભ મુહૂર્તે પુરપ્રવેશ કરતાં સમરાશાહ વગેરે સામૈયામાં ઘોડા પર અને દેસલશાહ પાલખીમાં આરૂઢ થયાં, મૃદંગ, ભેરી વગેરે વાજિંત્રો વાગતા, નૃત્ય કરતાં, નગરજનોએ પણ નગરને ધ્વજા–પતાકા વગેરેથી સુશોભિત બનાવેલ જોતાં સમરાશાહે પ્રવેશ કર્યો. તેની પાછળ સંઘપતિએ દેવાલય અને ગુરૂવર્ય સાથે પાટણમાં પ્રવેશ કર્યો. આજે નગરજનોથી યાત્રા પ્રશંસા સાંભળતાં, મંત્રણા ગ્રહણ કરતા અનુક્રમે પોતાના આવાસે આવ્યા. ત્યાં કુમારિકાઓએ દેશલ તથા સમરાશાહના લલાટમાં અક્ષતયુક્ત તિલક કર્યું. ગીત, મંગલ થતાં શ્રી પંચ પરમેષ્ઠિમંત્રનું સ્મરણ કરતાં દેશલશાહે પોતાનું ઘર અલંકૃત કર્યું.

દેશલશાહે આદિજિનને કપર્દિ યક્ષ સાથે દેવાલયમાંથી ઉતારી ઘરદેરાસરમાં સ્થાપ્યા. નગરજનોનું તથા યાચકોનું ત્યાં પણ વિશેષ સન્માન કરી રજા આપી. સહજપાલ વગેરે પુત્રોએ અનુક્રમે વિનયપૂર્વક પિતાના ચરણને દુધથી પખાળ્યા. ત્રીજે દિવસે શાહે દેવભોજ્ય કરાવ્યું, તેમાં ઇચ્છાએ ભકતપાન વગેરેથી સાધુઓને પડિલાભ્યા. નગરના પાંચ હજાર મનુષ્યને જમાડયા. સંઘપતિ દેશલશાહે આ તીર્થોદ્ધારમાં સતાવીશ લાખ સીતેર હજાર ( ૨૭૭૦૦૦૦ ) હજાર દ્રવ્યનો વ્યય કર્યો હતો. તેથી શાહ પોતાના આત્માને કૃતકૃત્ય માનતાં નિત્ય ધર્મકાર્યમાં તત્પર થઇ ગૃહકાર્યમાં ઉદ્યમી થયા.

સં. ૧૩૭૫ માં દેશલશાહ ફરીથી પણ સાત સંઘપતિ ગુરૂ અને બે હજાર મનુષ્યો સાથે સર્વ મહાતીર્થોમાં ગયા હતા. પૂર્વની જેમ બે યાત્રા કરી હતી. તે યાત્રામાં પણ અગીયાર લાખથી અધીક ( રૂા. ૧૧૦૦૦૦૦ )

For Private And Personal Use Only

રૂપીયાનો વ્યય કર્યો હતો. તે વખતે સોરઠ દેશમાં મ્લેચ્છોથી બંધાયેલ સઘળા જૈનોને મૂકાવી સમયમેઘ બન્યો હતો.

શ્રી સિદ્ધસૂરિ મહારાજે પોતાનું આયુષ્ય ત્રણ માસનું જાણી, દેશલશાહને કહ્યું કે તમારૂં આયુષ્ય પણ એક માસનું છે, તો ઉકેશપુર (ઓશીયા)માં જઇ હું સ્વયં કક્કસૂરિને મુખ્ય ચતુષ્કિકાને વિષે સ્થાપન કરવા મારી ઈચ્છા છે તો તારી ઇચ્છા હોય તો ચાલ. જ્યાં દેવતાએ બનાવેલી વીર ભગવાનની પ્રતિમા સ્થાપિત થયેલી છે એવું તે ઉત્તમ તીર્થ છે. જેથી દેશલ સર્વ સામગ્રી તૈયાર કરાવી સંઘ અને સૂરિ સહિત ત્યાં ગયા. માર્ગમાં દેસલશાહનો સ્વર્ગવાસ થયો.

શ્રીસિદ્ધસૂરિજીએ માઘપૂર્ણિમાએ કક્કસૂરિને પોતાના હાથે મુખ્ય સ્થાનમાં બેસાડયા. મુનિરત્નને ઉપાધ્યાય પદ અને **શ્રીકુમાર** તથા **સોમેન્દુ** એ બંનેને વાચનાચાર્ય પદ આપ્યું. દેશલશાહના પુત્ર સહજપાલે અઢાર કુટુંબીજનો સાથે યથાવિધિ વીરનું સ્નાત્ર કરાવ્યું, સ્વામીવાત્સલ્ય કર્યું. ત્યાં અઠ્ઠાઇ મહોત્સવ કરી **સિદ્ધસેનાચાર્ય** **સહજપાલ** સાથે **ફલોધિ** તીર્થે ગયા. ત્યાં શ્રી પાર્શ્વનાથ ભગવાનને વાંદી યાત્રા કરીને પ્રયાણ કરતાં કરતાં પાટણ આવ્યા.

એક માસનું આયુષ્ય બાકી રહ્યું ત્યારે સિદ્ધસૂરિએ કક્કસૂરિને જણાવ્યું કે આઠ દિવસ બાકી રહે ત્યારે સંઘક્ષામણા પૂર્વક મ્હને અનશન આપવું. શું આ કાળમાં જ્ઞાન હોય ? એમ વિચારી શ્રી કક્કસૂરિએ અણુસણ ન આપ્યું. ગુરૂએ સ્વયમેવ બે ઉપવાસ કર્યા, ત્યારપછી સંઘ સમક્ષ અનશન કર્યું. ગામના સર્વ વર્ણના લોકો અને પાંચ યોજન સુધીના લોકો આચાર્ય મહારાજને વંદન કરવા આવતા હતા. છ દિવસે કહેલ સમયે નમસ્કાર ઉચ્ચારતા સૂરિજી સમાધિએ સ્વર્ગે સંચર્યા.

સૂરિજીના જ્ઞાનની પ્રશંશા કરતાં સંઘે ઉત્સવ કર્યો. મુનિઓવડે સારી રીતે પૂજાયેલા, સૂરિ શરીરને છ દિવસોમાં તૈયાર થયેલ એકવીશ મંડપવાળા વિમાન ( માંડવી ) માં સ્થાપ્યું અને વિવિધ વાજિંત્રો સાથે શ્રાવકો તે વિમાનને એક કોશપર લઇ ગયા. માત્ર ચંદન, અગરના લાકડા અને કપૂરવડે સૂરિજીના શરીરને અગ્નિદાહ કર્યો. સં. ૧૩૭૬ ના ચૈત્ર સુદ ૧૪ ના રોજ સૂરિજી સ્વર્ગે પધાર્યા. (ચાલુ).

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અધ્યાત્મ જ્ઞાનનિરૂપણ પ્રશ્નોત્તર.

હાલમાં એક જૈનેતર વિદ્વાન મહાશયે આ તત્ત્વજ્ઞાનના વિષયવાળો ગ્રંથ વાંચી અમોને જણાવ્યું કે આવા ગ્રંથની દશ આવૃત્તિઓ અને એક લાખ કોપી આ સભા તરફથી પ્રગટ થવી જોઇએ અને તેનો જૈન સમાજમાં ઉપયોગ થવો જોઇએ. જૈનોને ઘેરઘેર તેનો અભ્યાસ થવો જોઇએ અને જૈનોની શિક્ષણ શાળાઓમાં ફરજીઆત શિક્ષણ આ બુકના વિષયનું થવું જોઇએ. એટલે કે ટુંકામાં, સરલ, અને સ્પષ્ટ રીતે જૈન ફીલોસોફી જાણવાના જિજ્ઞાસુ પછી તે જૈન હો કે જૈનેતર તેને માટે આ એક અપૂર્વ ગ્રંથ છે, એમ તે મહાશય માને છે. આવા ધર્મની ફીલોસોફીના આ ગ્રંથ દુનિયાની દરેક ભાષામાં પ્રગટ થવા જોઇએ, વિગેરે વિગેરે ઉપરથી તેમજ હજી સુધી આ ગ્રંથની જૈન સમાજ કિંમત, અપૂર્વતા અને કદર નહીં કરી શકેલ હોવાથી તેમજ ગ્રંથ રૂપે વીશ વર્ષ પહેલાં પ્રગટ થયેલ હોવાથી તેમજ હાલમાં કેટલાક પેપરોમાં ખાલી જૈનોના સામાન્ય આચાર-વિચાર અને ક્રિયાકાંડ માટે અને કેટલાક કાલ્પનિક પ્રશ્નોત્તરો આવતા તે કાંઇ વિશેષ ઉપયોગી નથી. તેથી તેને બદલે જૈનોની ફીલોસોફી તત્ત્વજ્ઞાનનો વિષય ટુંકાણમાં સરલ અને સાદી ભાષામાં પુર્વાચાર્યકૃત પ્રશ્નોત્તર રૂપે આપવામાં આવે તો જન સમાજને વર્તમાન કાળમાં લાભ થવા સંભવ છે; એમ બીજે કેટલેક સ્થળેથી પણ અમોને જણાવવામાં આવતાં તે પરિસ્થિતિનો વિચાર કરી જૈન તત્ત્વસાર નામના ગ્રંથમાંથી થોડો થોડો વિભાગ આ વખતથી દરેક માસિકમાં આપવા નિર્ણય કર્યો છે, જેથી અમારા વાચકો, તત્ત્વજ્ઞાન જાણવાના જિજ્ઞાસુઓ અને વિદ્વાન બંધુ તે મનન પૂર્વક પઠન પાઠન કરી તેનો લાભ લેશે. ધાર્મિક શિક્ષણશાળા ચલાવનારા બંધુઓ અને શિક્ષકો માટે તો બહુજ ઉપયોગી હોઇ પોતે મનન કરી પોતાના હાથ નીચે ચાલતી ધાર્મિક શાળામાં ભણતા બાળક–બાળકીઓને પણ સમજાવવા પ્રયત્ન કરશે જેથી જૈન ધર્મના તત્ત્વજ્ઞાનનું સામાન્ય જ્ઞાન આથી નિશ્ચય થશે.

આ ગ્રંથ અધ્યાત્મ–આત્મજ્ઞાનના વિષયને પ્રતિપાદન કરનાર હોવા ઉપરાંત નવતત્ત્વાદિ વિગેરે તત્ત્વોનો વિસ્તારથી તેમાં વિચાર કરેલો છે. સાથે જનસમાજને પ્રતિબોધ કરવાના હેતુથી લોક પ્રસિદ્ધ દૃષ્ટાંતો સાથે સારરૂપે આપેલ છે જેથી બાળજીવો પણ સહેલાઇથી સમજી શકે.

આ પ્રશ્નોત્તર રૂપે ગ્રંથના કર્તા શ્રી ખરતરગચ્છના યુગપ્રધાન શ્રી જિનરાજસૂરિના સામ્રાજ્યમાં તેમના પટ્ટાચાર્ય શ્રી જિનસાગરસૂરિના શિષ્ય શ્રી વિદ્વાન ઉપાધ્યાયજી શ્રીસુરચંદ્ર મહારાજે સંવત ૧૬૭૯ ની સાલમાં રચેલો છે. તેને શુદ્ધ કરી આજથી પચ્ચીસ વર્ષ પહેલાં પ્રવર્તક શ્રી કાન્તિવિજયજી મહારાજે જનસમાજના ઉપકાર માટે પ્રકટ કરવા આ સભાને આજ્ઞા કરેલી હતી, તેની વિશેષ ઉપયોગિતા અને બહોળો પ્રચાર થવા ઉપરોક્ત કારણોથી તેને હવે લેખ રૂપે મુકવામાં આવે છે. આવું અનેકવિધ જૈન સાહિત્ય હજી ઘણું ખેડાયા વગર–પ્રગટ થયા વગર અજાણપણે રહ્યું છે અને તેનેજ ગ્રંથને બદલે પ્રશ્નોત્તર રૂપે દૃષ્ટાંત સહિત જૈન પેપરો કે માસિક દ્વારા આપવામાં આવે તો જનસમાજ વિશેષ લાભ લઇ શકે એમ અમારો અભિપ્રાય છે. (માસિક કમીટી)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પહેલો અધિકાર.

સિદ્ધાંત જેનો સંશુદ્ધ ( દોષરહિત ) છે અને જ્ઞાનાદિ અતિશયો વડે જે દીપ્ત છે એવા સત્ય પરમેશ્વર શ્રીવર્ધમાનસ્વામીને પ્રણિપાત કરીને સ્વ-( આત્મા ) જ્ઞાનાર્થે કિંચિત વિચાર દર્શાવું છું.

### મંગળ તથા વસ્તુ નિર્દેશ.

આત્મા કેવો છે ?

આત્મા નિત્ય, વિભુ, ચેતનાવાન્ અને અરૂપી છે. નિત્ય, દ્રવ્ય તરીકે છે; પણ પર્યાયની અપેક્ષાએ, દેવ મનુષ્ય નારક અથવા તિર્યંચ ગતિમાં પરિણામ ( અવસ્થા ) બદલાયા કરે છે માટે, અનિત્ય પણ છે. વિભુ એટલે વ્યાપક અથવા સર્વત્ર વ્યાપવાની સત્તા સહિત છે પણ સામાન્યત: સ્વશરીરમાં જ વ્યાપી રહે છે. ચેતના એટલે સામાન્ય વિશેષ ઉપયોગ, તે આવરણો-( ગુણને આચ્છાદન કરનારાં કર્મો )ના ક્ષયાદિના પ્રમાણમાં હોય છે. અરૂપી એટલે રૂપ અથવા આકાર-આકૃતિ કે મૂર્તિ રાહત છે.

### કર્મોનું લક્ષણ.

કર્મો કેવાં છે ?

કર્મો જડ, રૂપી અને પુદ્‌ગલ છે. જડ એટલે ચેતના રહિત છે. રૂપી એટલે રૂપ સહિત છે પણ અતિસૂક્ષ્મતાને લીધે તે ચર્મચક્ષુથી જોઇ શકાતાં નથી. પુદ્‌ગલ એટલે પુરણ ( પુરાવવાના અથવા ભરાવવાના ) અને ગલન ( ખરી જવાના ) સ્વભાવવાળાં છે.

### જીવો અને તેના ભેદો.

જીવો અનંત છે. તેમના બે ભેદ છે. કર્મો રહિત તે સિદ્ધ અને કર્મો સહિત તે સંસારી. સંસારી જીવોની ભિન્ન ભિન્ન જાતિયો અને *યોનિયો છે. +જે જીવો પૃથ્વી, પાણી (અપ્), અગ્નિ ( તેજસ્ ), વાયુ અને વનસ્પતિ રૂપી કાયા-( શરીર )માં વર્તે છે, તે માત્ર સ્પર્શન ઇન્દ્રિયનો વિષય ગ્રહી શકે છે તેથી તે એકેન્દ્રિય જાતિના છે. કૃમિ આદિને સ્પર્શનની સાથે રસનાઇન્દ્રિય ( જિહ્વા ) પણ હોય છે તેથી તે દ્વીન્દ્રિય જાતિના છે. જેમને ઉપલી બેની સાથે ત્રીજી ઘ્રાણ ઇન્દ્રિય ( નાક ) હોય છે તે કીડી પ્રમુખ ત્રીન્દ્રિય જાતિમાં

* જે જીવોનાં ઉત્પત્તિસ્થાન ઉત્પત્તિસમયે સમાન સ્પર્શ, રૂપ, રસ, ગંધ ને વર્ણવાળાં હોય તેમની એક જાતિની યોની કહેલી છે અને એ રીતે સર્વ જીવોની મળી ચોરાશી લક્ષ જીવયોની કહેવાય છે.—જૈનમત.

+ પૃથ્વી ( મૃત્તિકા ) વગેરેમાં ચૈતન્ય હોવાનું વિજ્ઞાન-( science ) ની શોધોથી સિદ્ધ થયું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. ચોથી દર્શન ઇન્દ્રિય (આંખ) જેમને વધારેમાં હોય છે તે ભ્રમરાદિ ચતુરિન્દ્રય છે. જેમને પાંચમી શ્રવણ ઇન્દ્રિય (કાન) સહિત ઉપલી ચાર ઇન્દ્રિયો હોય છે તે દેવ, મનુષ્ય, નારક અને પશુ પક્ષી મત્સ્ય, સર્પ, નકુલ, વગેરે તિર્યંચ પંચેન્દ્રિય જાતિના છે.

વનસ્પતિ રૂપે વર્તતા જીવોમાં બે પ્રકાર છે. ફુલ છાલ, કાષ્ઠ, મુલ, પત્ર અને બીજ રૂપી જે વનસ્પાતના એક એક શરીરમાં એક જીવ હોય છે તે પ્રત્યેક વનસ્પતિ છે. જેમનાં શિર, સાંધા અને ગાંઠો ગુપ્ત હોય છે અથવા જેમના સરખા ભાગ થઇ શકે છે અથવા જે તંતુ રહિત હોય છે અથવા જે છેદાયા છતાં ઉગે છે એવી, કાંદા, અંકુરા, આદુ, હળદર, ગાજર, ગળો, કુમારપાઠું ઇત્યાદિ જે વનસ્પતિની એક એક કાયા-(શરીર) માં અનંત જીવો હોય છે તે અનંતકાય અથવા સાધારણ વનસ્પતિ છે. એમને નિગોદ એવી પણ સંજ્ઞા છે.

પૃથ્વીકાય, અપ્કાય, તેજસ્કાય, વાયુકાય અને નિગોદ (સાધારણ વનસ્પતિકાય) એ દરેકના સૂક્ષ્મ અને બાદર (સ્થૂલ) એવા બે ભેદ છે. તેમાં જે સૂક્ષ્મ છે તે સર્વ લોકાકાશમાં વ્યાપી રહેલા છે, પણ ચર્મચક્ષુથી જોઇ શકાતા નથી. બાદર પૃથ્વીકાય, અપ્કાય, તેજસ્કાય અને વાયુકાયના અસંખ્ય શરીરનું અને બાદર નિગોદના અનંત શરીરોનું ભેગું પિંડજ ચર્મચક્ષુથી જોઇ શકાય છે, પણ પ્રત્યેક વનસ્પતિના એકાદિ સંખ્યાત અથવા અસંખ્યાત શરીરોનું પિંડ નજરે પડી શકે છે. કેવળજ્ઞાની સર્વ જીવોને જોઇ શકે છે.

## જીવ કરતાં કર્મ અનંતગુણા.

જીવો કરતાં કર્મો અનંત ગુણાં છે તે સર્વ લોકાકાશમાં વ્યાપીને રહેલાં છે. વધારે શું ? જીવના એક એક પ્રદેશમાં શુભાશુભ કર્મની અનંતી વર્ગણાઓ (સમુહો) રહેલી છે, જે સર્વજ્ઞથી જોઇ શકાય છે.

જેમ ખાણમાં રત્ન સુવર્ણ ઇત્યાદી મૃત્તિકાથી વ્યાપ્ત (આચ્છાદિત) હોય છે તેમ સંસારી જીવો સર્વ લોકાકાશમાં નિરંતર રહેલા કર્મોથી આવૃત (આચ્છાદિત) હોય છે.

ભિન્ન જાતિ-(સ્વભાવ અથવા સત્તા) વાળાં કર્મોનો અને આત્માનો યોગ કેવી રીતે થયો ?

## જીવ અને કર્મનો અનાદિ સંબંધ અને જીવનું કર્મથી મુકત થવું.

×જેવી રીતે ખાણમાં પથ્થર-(મૃત્તિકા ?)નો અને તેમાં રહેલા સોનાનો

+ નિરંજન, નિરાકાર નિર્ગુણ અને નિષ્ક્રિય જગતના કર્તા પરમેશ્વરમાં સગુણત્વ અંતર્લીન છે એટલે કે કર્તાનો અને તેના સત્વાદિગુણોનો સંબંધ અનાદિસિદ્ધ છે.-કર્તૃવાદી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તથા અરણિના લાકડાનો અને તેમાં રહેલા અગ્નિનો યોગ અનાદિ સંસિદ્ધ છે, દુધનો અને તેમાં રહેલા ઘીનો યોગ સમકાલે ( એકી વખતે ) થયેલો હોય છે, સૂર્યકાન્ત મણિનો અને તેમાં રહેલા અગ્નિનો તથા ચન્દ્રકાન્ત મણિનો અને તેમાં રહેલા અમૃતનો યોગ સાથે ઉત્પન્ન થયેલો હોય છે, તેવીજ રીતે કર્મોનો અને આત્માનો યોગ કેવળજ્ઞાનીઓએ અનાદિ સંસિદ્ધ કહ્યો છે.

* જેમ તથા પ્રકારની સામગ્રીના યોગે સોનું પથ્થર-(મૃત્તિકા ?) માંથી જૂદું પડી શકે છે તેમ આત્મા પણ કર્મોની સાથે તેનો અનાદિ સંબંધ છતાં કર્મોથી ભિન્ન ( મુકત ) થઇ શકે છે.

* જેમ પહેલું સોનું અને પછી પથ્થર અથવા પહેલો પથ્થર અને પછી સોનું ઇત્યાદિ પ્રકારનો ભેદ કદી કહી શકાતો નથી તેમ જીવ પહેલો અને પછી કર્મ અથવા પહેલાં કર્મ અને પછી જીવ એવો ભેદ ઘટી શકતો નથી. બન્નેનો સમસમયેજ થયેલો અનાદિ સંસિદ્ધ સંબંધ છે.-પર્યાયકાર.

જીવની સાથે કર્મનો પ્રવાહથી અનાદી સંબંધ છે. તેમ જો માનવામાં ન આવે તો મોટાં દૂષણો આવે છે, તે આ પ્રમાણેઃ—

૧. જો જીવ પહેલો અને કર્મની ઉત્પત્તિ જીવમાં પછી થઇ એમ માનવામાં આવે તો કર્મરહિત આત્મા નિર્મલ સિદ્ધ થાય. નિર્મલ આત્મા સંસારમાં ( શરીરધારી ) ઉત્પન્ન થઇ શકે નહિ, નહિ કરેલાં કર્મના ફળને ભોગવવાનું હોય નહિ, વિના કરે કર્મનું ફળ ભોગવવામાં આવે તો સિદ્ધને પણ કર્મનું ફળ ભોગવવું પડે અને કૃત ( કરેલા ) નો નાશ તથા અકૃત-( નહિ કરેલા )નું આગમન ઇત્યાદિ દૂષણ લાગે.

૨. જો કર્મ પહેલાં ઉત્પન્ન થયાં અને જીવ પછી થયો એમ માને તો તે ઘટતું નથી. કેમકે જેમ માટીમાંથી ઘડો થાય છે તેમ જેમાંથી જીવ ઉત્પન્ન થઇ શકે એવા ઉપાદાન કારણ વિના જીવ ઉત્પન્ન થઇ શકે નહિ, જીવે જે કર્મ કર્યાં ન હોય તેનું ફલ તેને હોય નહિ, જીવ ( કર્ત્તા ) વિના કર્મ ઉત્પન્ન થઇ શકે નહિ.. ઇત્યાદિ.

૩. જો જીવ અને કર્મ એકજ વખતે ઉત્પન્ન થયાં એમ માને તો તે પણ અસત્ છે. કેમકે જે વસ્તુ સાથે ઉત્પન્ન થાય તેમાં કર્ત્તા અને કર્મ એવો ભેદ હોય નહિ, જીવ જે કર્મ કર્યું ન હોય તેનું ફળ જીવને હોય નહિ, જેમાંથી જીવ અને કર્મ ઉત્પન્ન થઇ શકે એવાં ઉપાદાન કારણ વિના જીવ અને કર્મ પોતાની મેળેજ ઉત્પન્ન થઇ શકે નહિ, ઇત્યાદિ.

૪. જો જીવ સચ્ચિદાનંદરૂપ એકલો છે અને કર્મ છે જ નહિ એવો પક્ષ સ્વીકારે તો તેથી જગતની વિચિત્રતા સિદ્ધ થાય નહીં.

૫. જો જીવ અને કર્મ કંઇ જ છે નહિ એવું માનવું થાય તો તે પણ મિથ્યા છે. કેમકે જો જીવ જ નથી તો એ જ્ઞાન કોને થયું કે કંઇજ છે નહિ.

એટલા વાસ્તે જીવ અને કર્મનો સંયોગસંબંધ પ્રવાહથી અનાદિ છે એ જ માનવું યુક્તિથી સિદ્ધ છે-અજ્ઞાનતિમિર ભાસ્કર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# બીજો અધિકાર.

## જીવને શુભાશુભ કર્મનું જ્ઞાન વિના પણ ગ્રહણ કરવું.

જીવ અને કર્મ અનાદિ છે. જીવ અને કર્મનો સંયોગ અનાદિસિદ્ધ છે. જીવ કેટલાંક જુનાં કર્મોને ખપાવે છે અને યથાયોગ પ્રાપ્ત થયેલાં અથવા જેવાં પ્રાપ્ત થયાં તેવાં પુરઃસ્થિત શુભાશુભ નવાં કર્મોને ગ્રહણ કરે છે.

કર્મો જડ છે તેથી તે પોતાની મેળે આશ્રય લેવાને સમર્થ નથી, આત્મા બુદ્ધ ( ચેતનાયુક્ત ) છે તેથી તે સુખને ઇચ્છતો શુભ કર્મોને જાણતા છતાં ગ્રહણ કરે પણ દુઃખનો દ્વેષી છતાં અશુભ કર્મોને જાણતા છતાં પોતાની મેળે જ કેમ ગ્રહણ કરે ? કયો વિદ્વાન્ સ્વતન્ત્ર છતાં અશુભ વસ્તુને જાણીને લે !

( જે કાળે જે થવાનું હોય તે ) કાળ, ( જીવનો કર્મ ગ્રહણ કરવાનો ) સ્વભાવ, નિયતિ ( ભવિતવ્યતા અથવા જે ભાવિભાવ હોય તે અવશ્ય થાય છે ), પૂર્વકૃત ( જીવે પૂર્વે કરેલાં કર્મ ) અને પુરૂષકાર ( જીવનો ઉદ્યમ ) એ સુખ-દુઃખના પાંચ હેતુ–( પંચ સમવાય ) ની પ્રેરણાથી જીવ જાણતા છતાં જેમ શુભ કર્મોને ગ્રહણ કરે છે તેમ અશુભ કર્મોને પણ ગ્રહણ કરે છે. દાખલા તરીકે, કોઇ ધનવાન સ્વતન્ત્ર અને મોદકાદિ સ્વાદિષ્ટ વસ્તુ તથા ખલને જાણતા છતાં ભાવિભાવથી પ્રેરાઇને ખલ ખાય છે. કોઇ મુસાફર ઇષ્ટ સ્થાનકે જવાનો બીજો માર્ગ નહિ હોય તો ત્યાં જલદી પહોંચવાની ઇચ્છાથી શુભાશુભ સ્થાનકોનું ઉલ્લંઘન કરે છે. ચોર, પરસ્ત્રીગામી, વ્યાપારી, મતધારી અને બ્રાહ્મણો તેવા પ્રકારના ભાવિભાવને લીધે જાણતા છતાં શુભાશુભ કૃત્યો કરે છે. ભિક્ષુક, બંદીજન (ભાટચારણ) અને ઋષિ (તત્ત્વજ્ઞાની યોગી) ભિક્ષાને સ્નિગ્ધ (ઘૃતાદિ સ્નેહથી યુક્ત) અથવા રૂક્ષ (લુખી) જાણીને જેવી મળી તેવી ખાય છે. યુદ્ધમાં ગયેલો શૂરો ઘેરાઈ જતાં શત્રુને અને અશત્રુને જાણતા છતાં હણે છે. રોગી નિજ રોગની શાન્તિને ઇચ્છતા છતાં અને અપથ્યથી ભવિષ્યમાં પોતાને થનારૂં કષ્ટ પોતે જાણતા છતાં રોગથી પરવશ થઇને ( કંટાળીને ); અપથ્યનું સેવન કરે છે. તેવીજ રીતે જીવ પણ જાણતા છતાં શુભાશુભ કર્મોને અવશ્ય ગ્રહણ કરે છે.

જીવનો જ્ઞાન વિના પણ કર્મો ગ્રહણ કરવાનો સ્વભાવ છે. દાખલા તરીકે, લોહચુંબક સંયોજકોથી નજીકમાં મૂકાયલા સાર અથવા અસાર લોહને વચમાં કંઇ વ્યવધાન ( આંતરો ) ન હોય તો ગ્રહણ કરે છે. તેવીજ રીતે જીવ પણ કાળાદિથી પ્રેરાઇને સમીપમાં રહેલાં શુભાશુભ કર્મોને વગર વિચારે ( અજાણ-પણે ) ગ્રહણ કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ત્રીજો અધિકાર.

(પ્રશ્ન) જીવ પોતે અરૂપી છતાં તે ઈન્દ્રિયો અને હસ્તાદિની મદદ વિના કર્મોને શેનાવડે ગ્રહણ કરે છે? કોઇને કંઇ વસ્તુ ગ્રહણ કરવી હોય છે ત્યારે તે પ્રથમ તે વસ્તુનું નિરીક્ષણ કરીને પછીથી હસ્તાદિવડે તેને લે છે. આત્મા પોતે તેવો નથી તેમ છતાં તે કર્મોને ગ્રહણ કરે છે એ કથન કેમ ઘટે?

(ઉત્તર) * આત્મા પોતાની શકિતથી અને સ્વભાવાદિથી ઇન્દ્રિયાદિની મદદ વિના પણ ભવિષ્યત્ કાળમાં ભોગવવા યોગ્ય કર્મોને ગ્રહણ કરે છે. જુઓ.x ઔષધીથી સિદ્ધ કરેલા પારાની ગુટિકા હસ્તેન્દ્રિયાદિ રહિત છતાં દુધ વિગેરેનું પાન કરાવે છે, સીસાને તથા પાણીને શોષી લે છે, શબ્દવેધ કરવાનું બલ આપે છે તથા શુક્રની વૃદ્ધિ કરે છે. જો પારો ચક્ષુરાદિ ઇન્દ્રિયો રહિત છતાં આટલું કરી શકે તો આત્મા જેની શકિત અચિન્ત્ય છે તે શું શું ન કરે? વનસ્પતિયો પણ હસ્તાદિ વિના આહારનું ગ્રહણ કરે છે. નાળિયેર પ્રમુખના મુળમાં પાણી સિંચવાથી તેના ફળમાં તે પાણી પહોંચ્યાનું પ્રત્યક્ષ દેખાય છે. એટલુંજ નહિ પણ પ્રાયઃ સર્વ વસ્તુ પોતાની મેળે પાણીનું ગ્રહણ કરીને આર્દ્ર થાય છે. જો એમ કહેવામાં આવે કે એતો પાણીની શકિત છે જે બીજી વસ્તુઓમાં ભેદન કરીને દાખલ થાય છે, તો તેમાં વ્યભિચાર ( બાધ ) આવે છે. મુદ્દગશિલા ( મગરિયો પાષાણ ) અને કોરડુ કણ ( ગાંગડુ દાણા ) કદી પણ પાણીથી ભેદાતા નથી. એતો જેને જે વસ્તુ ગ્રહણ કરવા યોગ્ય હોય તે તેજ વસ્તુને ગ્રહણ કરે. લોહચુમ્બકનો સ્વભાવ છે કે તે લોહ સિવાયની ધાતુઓને પડી મુકીને લોહનુંજ ગ્રહણ કરે, તેવીજ રીતે જીવ પણ જેવું જેવું ભવિષ્યત કાળમાં બનવાનું હોય તેવી પ્રેરણાને વશ થઇને કર્મપુદ્ગલોનું ગ્રહણ કરે છે. જેમ કોઈ સુતેલો માણસ જે વખતે સ્વપ્ન જોઇને મન થીજ અનેક પ્રકારની ક્રિયાઓ કરે છે તે વખતે તેની પાંચ જ્ઞાનેન્દ્રિયો ( સ્પર્શનાદિ ) અને પાંચ કર્મેન્દ્રિયો ( કરપાદાદિ ) એમનું બળ પ્રવર્તતું નથી. , તેમ આત્મા પણ ઇન્દ્રિયાદિની મદદ વિના કર્મોનું ગ્રહણ કરે છે. શું ત્યારે એ સ્વપ્નભ્રમ છે? ના, એવું માનવાનું નથી. કેમકે સ્વપ્નનું પણ વખતે બહુ મોટું ફળ હોય છે. સ્વપ્ન જોનારને જેમ સ્વપ્ન સ્મરે છે તેમ જીવને કર્મ ગ્રહણ કર્યાનું સ્મરતું નથી એમ પણ કહેવું યોગ્ય નથી. કારણ

* જગત્ કર્ત્તા ઇશ્વર નિરિન્દ્રિય નિરાકાર છતાં પોતાની અનન્ત શકિતથી ભકતોને જુવે છે, જપાદિ સાંભળે છે, પૂજાદિનો સ્વીકાર કરે છે, અને હસ્ત વિના પાપનું હરણ કરી ઉદ્ધાર કરે છે.—કર્તૃવાદી.

x અતિશય શ્રૃંગારવાળી સ્ત્રીના અવલોકનથી પારો કુવામાંથી ઉછાળો મારી ઉંચો આવે છે.—લોકોકિત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે જેમ જોયેલું સ્વપ્ન પ્રાય: યાદ આવતું નથી તેમ ગ્રહણ કરેલું કર્મ પણ પ્રાય: યાદ આવતું નથી; પણ જેમ કોઇને જેવું સ્વપ્ન જોયું હોય તેવુંજ સાંભરે છે તેમ કરેલાં કર્મ પણ કોઇને જ્ઞાનવિશેષથી સાંભરે છે. જેમ કોઇ ઉત્તમ પુરૂષને સ્વપ્ન યથાર્થ ફળ આપે છે, તેમ કર્મ પણ જીવને સફલ થાય છે. જેમ કોઇને સ્વપ્ન વ્યર્થ ( નિષ્ફળ ) થાય છે તેમ કેવળજ્ઞાનીને કર્મ પણ તત્ક્ષણ નાશ પામવાથી ફળ રહિત થાય છે.

હવે ઉત્પત્તિકાળથી માંડીને અવસાન [ અંત ] સુધી આત્મા શું શું કરે છે તે પણ સ્વસ્થ ચિતે અભ્યન્તરમાં વિચારી જુઓ. ગર્ભની અંદર શુક્ર અને રજ મધ્યે રહી યથોચિત આહાર કરી ઇન્દ્રિય બળ વિના પોતાની મેળે ઉતાવળે સર્વ પ્રકારે સર્વ ધાતુઓને નિપજાવે છે. ગર્ભથી બહાર નિકળ્યા ( જન્મ લીધા ) પછી પણ જેવો મળ્યો તેવો આહાર શરીરની અંદર ગ્રહણ કરીને તેના વિપાકથી થતા પરિણામવડે પોતાની મેળે ધાત્વાદિ ( ધાતુ વગેરે ) ના સંપાદન પૂર્વક પુષ્ટિ કરે છે. તેમજ રોમમાર્ગે આહાર લેઈ ખલને પડયો મુકી રસોનો આશ્રય લે છે અને તેના મળનો વારંવાર બળથી ત્યાગ કરે છે. સત્વ રજ અને તમ એ ત્રણ ગુણોને ધારણ કરતો સદ્જ્ઞાન, વિજ્ઞાન, ક્રોધ, માન, માયા, લોભ, કામ, હિતાહિત, આચારવિચાર, વિદ્યા, રોગ તેમજ સમાધિને ધારણ કરે છે. એ રીતે આત્મા શરીરની અંદર શી રીતે ક્રિયા કરે છે? શું દેહની અંદર તેને હસ્તાદિ તથા ઇન્દ્રિયાદિ હોય છે કે જેવડે આહારાદિ પ્રાપ્ત કરી તથા પ્રકારનું પૃથક્કરણ કરે છે અને મુદત પુરી થયે જેમ ઘરનો સ્વામી જાય છે તેમ નીકળી જાય છે. જ્યારે જીવો પુદ્ગલથી ભિન્ન અમૂર્ત્ત આત્મા શરીરની અંદર સ્થિતિ કરીને અને શરીરમાં વ્યાપીને ક્રિયાઓ કરે છે અને સૂક્ષ્મ તેમજ સ્થૂલ રૂપી દ્રવ્યોને ગ્રહણ કરે છે ત્યારે તે સુક્ષ્મતમ કર્મોને કેમ ગ્રહણ ન કરે ? * વળી આ જીવ રૂપ તથા હસ્તાદિ રહિત છતાં આવા રૂપી શરીરને આહારપાનાદિક ઇન્દ્રિયોના વિષયોમાં તથા શુભાશુભ આરંભવાળાં કામોમાં કેવી રીતે પ્રવર્તાવે છે તેનો પણ વિચાર કરો. જો જીવના ઉદ્યમ વિના ઇન્દ્રિયો અને હસ્તપ્રમુખ અંગોથીજ સર્વ ક્રિયાઓ થતી હોય તો જીવરહિત મડદાં કરેન્દ્રિયાદિ ( હાથ, ઇન્દ્રિયો વગેરે ) થી ક્રિયાઓ કેમ કરતાં નથી ? આથી સિદ્ધ થાય છે કે શુભાશુભ કર્મ આત્માજ કરે છે, એકલાં અંગો કરતાં નથી. ત્યારે અરૂપી આત્મા સૂક્ષ્મ એવા રૂપી કર્મોને કેમ ગ્રહણ ન કરે ? જેવી રીતે ધ્યાની:પુરૂષ બાહ્યગત ઇન્દ્રિયોની મદદ વિના ઇચ્છિત કાર્યો કરે છે, જિહ્વા ( જીભ ) ની મદદ વિના જાપ જપે છે, કર્ણ ( કાન ) ની મદદ વિના સાંભળે છે અને જલ, પુષ્પ, ફલ તથા દીપ એ દ્રવ્યો વિના સદ્ભાવ

* જીવ તૈજસ કાર્મણ શરીર વડે આ બધું કરે છે—જૈન સિદ્ધાન્ત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂજાને સફળ કરે છે એવી રીતે આ જીવ પણ ઇન્દ્રિયો તથા હસ્તાદિ વિના એ કાલસ્વભાવાદિ પંચ સમવાયથી પ્રેરાઇને કર્મોને ગ્રહણ કરે છે. +

જો જીવના એક એક પ્રદેશમાં અનંત કર્મો લાગેલાં છે તો તે પિણ્ડીભૂત ( ગોળા જેવા ) થઇને દૃષ્ટિથી દેખાતા કેમ નથી ?

સૂક્ષ્મતમ કર્મો આપણા જેવા ચર્મચક્ષુવાળાથી જોઇ શકાતાં નથી પણ જ્ઞાનીઓ માત્ર પોતાની દિવ્ય જ્ઞાનદૃષ્ટિના ઉદયથી તેમને જોઇ શકે છે. આના ઉપર દૃષ્ટાંત સાંભળો. જેમ કોઇ પાત્ર અથવા વસ્ત્રાદિમાં લાગેલા સુગંધી અથવા દુર્ગંધી વસ્તુની ગંધના પુદ્ગલો નાકથી જાણી શકાય છે પણ પિણ્ડીભૂત થયા છતાં નયનાદિથી દેખી શકાતા નથી તેમ જીવને લાગેલાં કર્મ પણ આપણાથી દેખાતાં નથી. માત્ર કેવલજ્ઞાની સ્વજ્ઞાનના પ્રભાવે તેમને જોઇ જાણી શકે છે. જેમ સિદ્ધ કરેલા પારાએ પાન કરેલું સુવર્ણાદિ દૃષ્ટિથી દેખાતું નથી પણ જ્યારે કોઇ સિદ્ધ યોગી પુરૂષ તેને પારામાંથી બહાર કાઢે છે ત્યારે તેની સત્તા અસ્તિત્વ ) નિશ્ચિત થાય છે, તેમ જીવને લાગેલાં કર્મોને પણ માત્ર જ્ઞાની જોઇ જાણી શકે છે, બીજો કોઇ નહિ.

## સ્વીકાર–સમાલોચના.

### શ્રી કોન્ગ્રેસ ફ્રી હોસ્પીટલ મુંબઇ.

#### પ્રથમ રીપોર્ટ તા. ૨૫–૫–૩૦ થી ૩૧–૬–૧૯૩૦ સુધીનો.

મનુષ્યોને દયા દાખવવાનો અને પરોપકાર કરવાનો અને જન્મભૂમિ માટે કે તેમાં રહેતા મનુષ્યો માટે ભાતૃભાવ દેખાડવાના અપૂર્વ પ્રસંગ કોઇ વખત જ આવે છે, તેવો જ પ્રસંગ હાલમાં સ્વરાજ મેળવવા માટે વર્તમાનકાળમાં ચાલતી હીલચાલ અને અસહકારમાં ભાગ લેનારા રાષ્ટ્રસેવા કરનારા મનુષ્યોને જે મારકુટના દુઃખો સહન કરવા પડયા છે તેને રાહત આપવા માટે મુંબઇ શહેરમાં કોન્ગ્રેસ ફ્રી હોસ્પીટલ અનેક બંધુઓની તનમન ધનની સહાયવડે ખોલવામાં આવ્યું છે, તેમાં શરીરનો ભોગ આપી માર ખાઇ માંદગી ભોગવતા અત્રે આવતા રાષ્ટ્રસેવકોની ઉંચા પ્રકારની સારવાર અનેક બંધુઓ ભાતૃભાવે કરે છે અને તેની દરેક પ્રકાર સગવડો અને સાધનો વગેરે માટે વસ્તુઓ અને આર્થિક સહાય પણ અનેક મનુષ્યો આપી તે રીતે પણ માંદા બંધુઓની સારવારનું પુણ્ય ઉપાર્જન સેવા કરે છે. તેનો તા. ૨૫–૫–૧૯૩૦ થી તા. ૩૧–૭–૧૯૩૦ સુધીનો પ્રથમ રીપોર્ટ અમોને મળ્યો છે, રીપોર્ટ વાંચતાં અને નજરે અવલોકન

+ બ્રહ્મનું ધ્યાન ધરનારને ઇન્દ્રિયાદિની મદદ વિના બ્રહ્મત્વની પ્રાપ્તિ થાય છે––બ્રહ્મવાદી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરતાં તેની સુંદર, યોગ્ય, આવશ્યક વ્યવસ્થા અને સેવા માંદા બંધુઓની થાય છે. હોસ્પીટલમાં સારવાર પણ ઉંચા પ્રકારની થાય છે જે અનુમોદન કરવા જેવું અને દરેક મનુષ્યે દરેક પ્રકારની સહાય આપવા જેવું છે. સેવા કરનારા કે સહાય આપનારા ખરેખરૂં અત્યારે પુણ્ય ઉપાર્જન કરે છે. જેમ બળીદાન આપનાર પુરો ભોગ આપે છે તેમ તેઓની સેવા કરનાર પણ પુણ્ય ઉપાર્જે છે. આ સેવા-કાર્ય અને હોસ્પીટલની વ્યવસ્થાની પ્રશંસા કરીયે છીયે. સુંદર સેવા વ્યવસ્થા માટે કાર્યવાહકોને ધન્યવાદ આપીયે છીએ. હીસાબ બરોબર અને ચોખવટ વાળો છે. આ હોસ્પીટલની મુલાકાત લેવા દરેકને ભલામણ કરીયે છીયે. આ કાર્ય માટે વિશાળ મકાન ફ્રી વાપરવા આપવા માટે શેઠ મોહનલાલ હેમચંદ ઝવેરીની તે ઉદારતા માટે અને તેમના મોટા સુપુત્ર મણિલાલ ભાઇને સેક્રેટરી તરીકે ( માત્ર હોદા તરીકે નહિં ) પરંતુ જાતિ ભોગ આપી સેવા કરવા માટે ધન્યવાદ આપીયે છીયે.

## શ્રીયશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા તથા શ્રીજૈન શ્રેયસ્કર મંડળ ( અંતર્ગત કેળવણી ) ખાતાનો રીપોર્ટ.

### ( સં. ૧૯૮૩-૮૪-૮૫ ની સાલનો. )

સ્વર્ગવાસી બંધુ વેણીચંદભાઇના વરસો થયાના શુભ પ્રયત્ન અને ધર્મસેવાના શુભ ફળરૂપે આ સંસ્થા તેમની હૈયાતિ પછી પણ અત્યારે તેના કાર્યક્રમ પ્રમાણે ચાલી રહી છે. ધાર્મિક શિક્ષણ સાથે બીજા અનેક ધાર્મિક ખાતા પણ પેટા વિભાગ તરીકે સાથે ચાલે છે, તેના વહીવટ, વ્યવસ્થા અને હિસાબ રીપોર્ટ જોતાં ચોખવટવાળા છે. પુસ્તક પ્રસિદ્ધિનું કાર્ય પણ રીતસર છે. ટ્રસ્ટીઓમાંથી કેટલાક સ્વર્ગવાસ પામ્યા છે, કેટલાક બંધુઓએ રાજીનામા આપ્યા છે તેને બદલે નવા ઉત્સાહી અને કાર્યવાહકોને નિમવાની જરૂર છે. અમો તેની ઉન્નતિ ઇચ્છીયે છીયે.

## રેખાદર્શન-હસ્તસંજીવન.

### ભાગ ૧-૨-૩

લેખક-મહોપાધ્યાય **શ્રી** દેવવિજયજી ગણી કિંમત રૂા. ૧-૪-૦ આ ગ્રંથની પ્રથમ આવૃત્તિ પહેલા પ્રગટ થઇ હતી. પરંતુ આ બીજી આવૃત્તિમાં વિશેષ વધારો થયેલો છે. આ ગ્રંથ પ્રથમ ભાગના બે વિભાગમાં પ્રથમમાં પુરૂષને લગતા અને બીજામાં સ્ત્રીને લગતા શરીરના લક્ષણો તેના ફળ સાથે જણાવ્યા છે. બીજા ભાગમાં પુરૂષને લગતાં અને ઉપરાંત સ્ત્રી-પુરૂષોને લગતાં શારીરિક લક્ષણો તેના ફળ સાથે તેમજ સાધારણ લાગુ પડે તેવા આઠ બીજા વિષયો પણ આપેલા છે. ત્રીજો ગ્રંથ હસ્તસંજીવન નામનો છે તે શ્રીમાન્ હીરવિજયસૂરીશ્વરજીની પાંચમી પાટે થયેલા શ્રીકૃપાવિજયજી મહારાજના શિષ્ય મહોપાધ્યાય શ્રી મેઘવિજયજી ગણી રચિત છે. તેઓશ્રીએ બીજા સંસ્કૃત ગ્રંથો મેઘદૂત સમસ્યા, વર્ષપ્રબોધ, વિજયદેવ મહાત્મ્ય કાવ્ય વગેરે કેટલાક રચેલાં છે. આ ગ્રંથમાં ત્રણ દર્શન, સ્પર્શન, અને રેખાવિમર્શનાધિકાર આપેલા છે. જેમાં અષ્ટાંગ નિમિત્ત, હસ્તનું માહત્મ્ય, હસ્તના નામો, હસ્તદર્શનનું ફળ, હસ્તમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પંચતીર્થ, પંચપરમેષ્ઠિ, ચોવીશ જિનવરો, શાશ્વતા ચાર જિનેશ્વર, હાથ જોવાનો વિધિ. જોનાર ગુરૂનું સ્વરૂપ, વગેરે. બીજામાં હસ્તદર્શન, સ્પર્શ કરવાનો વિધિ, સર્વતોભદ્રયંત્ર, વગેરે, ત્રીજામાં હસ્તરેખાનું સ્વરૂપ વિવિધ રીતે પુરૂષોના બત્રીશ લક્ષણો વગેરેનું સ્વરૂપ વગેરે અનેક બાબતોનો સમાવેશ કરેલો છે. જેથી આખો ગ્રંથ મનન કરવા જેવો છે, જૈન સાહિત્ય કેટલું બહોળું, વિવિધ વિષયોથી ભરપુર છે અને કેવા કેવા ગ્રંથો મોજુદ છે તે આ રીતે પ્રગટ થવાથી તે માન ઉત્પન્ન થાય છે. આ ગ્રંથ પ્રકટ થવાથી જૈન સાહિત્યમાં વૃદ્ધિ થયેલી માનીયે છીયે. જૈન અને જૈનેતર સૌને ઉપયોગી આ ગ્રંથ છે. લેખક મુનિરાજે સારો પ્રયત્ન કરેલ છે અને તે જનસમાજ પાસે મુકવાથી જૈનસમાજ તેમનો આભારી થાય તે સ્વાભાવિક છે. પ્રકાશક શાહ વાડીલાલ પુરૂષોતમદાસ–રાણપુર.

---

## જૈન સમાજને નમ્ર નિવેદન.

પવિત્ર શ્રી શત્રુંજય તીર્થના છેલ્લા ઉદ્ધારનો મહાન્ દિવસ (વર્ષગાંઠ) આવતા વૈશાક વદી ૬ ના રોજ આવે છે. શ્રીમાન્ શ્રીમાળી વણિક કર્માશાહ તોલાશાહે સંવત ૧૫૮૭ ના વૈશાક વદી ૬ ના રોજ છેલ્લો ઉદ્ધાર કરેલો છે. તેની પહેલાનો ઉદ્ધાર સમરાશાહ ઓસવાલે સંવત ૧૩૭૧ ના મહા શુદી ૧૪ સોમવારે એટલે ૨૧૬ વર્ષ પહેલાં કરેલો જ્યારે આ છેલ્લા ઉદ્ધારના આવતા વૈશાક વદી ૬ ના રોજ ચારશેંહ વર્ષ પુરા થશે. આ વૈશાક વદી ૬ આ ભારતવર્ષની જૈન સમાજ માટે અપૂર્વ મહોત્સવનો દિવસ છે. જેથી હિંદના દરેક જૈનોએ તે દિવસે આ પૂજનીય તીર્થની ભક્તિ કરીને, ધંધો રોજગાર આરંભ સમારંભ બંધ કરીને, દરેક જીન મંદિરોમાં શ્રીશત્રુંજય તીર્થની પૂજા ભણાવી ભાવના કરીને, જ્ઞાન દર્શન તપની આરાધના કરીને, સ્વામીવાત્સલ્ય કરીને, દર વર્ષે તે રીતે જાહેર તહેવાર તરીકે હવે પછી પણ પાળીને એક સરખી રીતે ભક્તિ કરીને આ મહાન્ તીર્થનો તે યાદગાર દિવસ મહોત્સવ કરી ઉજવવાનો છે.

---

## ભાઇ સવચંદ છગનલાલનો સ્વર્ગવાસ.

બંધુ સવચંદભાઇ શુમારે ત્રેપન વર્ષની વયે બે માસની બિમારી ભોગવી ફાગણ શુદ ૯ ના રોજ પંચત્વ પામ્યા છે. ભાઇ સવચંદ ધર્મશ્રદ્ધાળુ, મીલનસાર અને સરલ હૃદયના હતા. તેઓએ જોઇએ તેવું શિક્ષણ લીધેલ નહિ; છતાં સંસ્થાની મુકસેવા કરવાના અભિલાષિ હતા; જેને લઇને સં. ૧૯૪૫ ની સાલમાં સ્થપાયેલ શ્રી જૈન સોશીયલ કલબના તેઓ સભ્ય હતા અને સં. ૧૯૫૬ ની સાલમાં તેઓ બીજાઓ સાથે આ સભાના સભ્ય થયા હતા અને ત્યારથી જ આ સભાના પૂર્ણ લાગણીવાળા મેમ્બર હોઇને તેમજ સેવાભાવી હોવાથી આ સભાને એક લાયક સભાસદની ખોટ પડી છે જેથી અમો ઘણાજ દીલગીર થયા છીએ. તેઓના પવિત્ર આત્માને શાંતિ પ્રાપ્ત થાઓ એમ પ્રાર્થના કરીયે છીએ.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


શ્રી નવપદજી આરાધનાના જીજ્ઞાસુઓને

## —:: અમૂલ્ય લાભ. ::—

શ્રી નવપદજીની પૂજા ( અર્થ, નોટ. મંડલ. યંત્ર, વિધિ વગેરે સહિત. )

પ્રભુભક્તિમાં તલ્લીન થઇ ઇષ્ટસિદ્ધિ જલદી પ્રાપ્ત કરવા માટે, પૂર્વાચાર્ય પ્રણીત પૂજાઓ એક વિશિષ્ટ કારણુ છે, એવા હેતુથીજ **શ્રીમદ્ યશોવિજયજી મહારાજ કૃત નવપદજીની પૂજા,** અમોએ તેના ભાવાર્થ, વિશેષાર્થ અને નોટ સાથે તૈયાર કરી પ્રગટ કરેલ છે. સાથે **શ્રી નવપદજીનું મંડલ** તે તે પદોના વર્ણુ–રંગ અને તેની સાથે, વિવિધ રંગ અને સાચી સોનેરી શાહીની વેલ વગેરેથી તથા **શ્રી નવપદજીનો યંત્ર** કે જે આયંબીલ–ઓળી કરનારને પૂજન કરવા માટે ઉપયોગી છે, તે બંને છબીઓ ઉંચા આર્ટ-પેપર ઉપર મોટો ખર્ચ કરી ઘણુા સુંદર સુશોભીત અને મનોહર બનાવી આ ગ્રંથમાં દાખલ કરવામાં આવેલ છે. આ સાથે શ્રી સિદ્ધચક્રજી મહારાજનું આરાધન કેમ થાય, તેની **સંપૂર્ણ ક્રિયાવિધિ, ચૈત્યવંદન, સ્તવનો, સ્તુતિઓ અને સાથે શ્રીમાન્પદ્મવિજયજી મહારાજ અને શ્રીમાન્ આત્મારામજી મહારાજ કૃત નવપદજીની** પૂજાઓ દાખલ કરેલ છે. ઉંચા એન્ટ્રીક પેપર ઉપર ગુજરાતી સુંદર જૂદા જૂદા ટાઇપોથી છપાવી ઉંચા કપડાના બાઇંડીંગથી અલંકૃત કરેલ છે. આ ગ્રંથનું નામજ જ્યાં પવિત્ર અને પ્રાતઃસ્મરણીય છે ત્યાં તેની ઉપયોગીતા અને આરાધના માટે તો કહેવુંજ શું ! **શ્રી નવપદજી આરાધનના જીજ્ઞાસુ અને ખપી માટે આ એક ઉત્તમ કૃતિ છે અને તેમાં ગુરૂમહારાજ, નવપદજી મહારાજનું મંડલ અને યંત્ર** આ બુકમાં દાખલ કરેલ હોઇ આ ગ્રંથ વાંચનારને તેની અપૂર્વ રચના જણાયા સિવાય રહે તેવું નથી. આ માટે વધારે લખવા કરતાં તેનો ઉપયોગ કરવા નમ્ર સૂચના કરીએ છીયે. **કિંમત રૂા. ૧-૪-૦ પોસ્ટેજ જુદું.**

સિવાય શ્રી નવપદજી મહારાજનું મંડલ કે જે ઉપર જણાવ્યા પ્રમાણે વિવિધ રંગો અને સોનેરી શાહીથી ઘણુંજ સુંદર ઉંચા આર્ટપેપર ઉપર છપાવેલ છે તે તથા શ્રી સિદ્ધચક્રજી મહારાજનો યંત્ર કે જે દર્શન, પૂજન માટે બંને ઘણી ઉપયોગી વસ્તુઓ હોવાથી આ બુકમાં દાખલ કરવા ઉપરાંત છુટી કોપીયો પણુ તેના ખપી માટે વધારે તૈયાર કરાવી છે.

**શ્રી નવપદજીનો યંત્ર ચાર આના–શ્રી સિદ્ધચક્રજીનો યંત્ર બે આના–** પોસ્ટેજ જુદું. આ બંને પ્રાતઃકાળમાં ઉઠતાં દર્શન માટે ખાસ ઉપયોગી ચીજો છે. માત્ર ઘણીજ થોડી નકલો છે જેથી જલદી મંગાવો.

લખો:—**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

# શ્રી આત્માનંદ પ્રકાશ

દર માસની પૂર્ણિમાએ પ્રગટ થતું માસિક પત્ર.

પુ. ૨૮ મું. વીર સં. ૨૪૫૭. ફાલ્ગુન. આત્મ સં. ૩૫. અંક ૮ મો.

## શબ્દ અને સદાચરણ.

" ચારિત્ર્યનું ગઠન સાહિત્યના વ્યાખ્યાનોથી, વ્યાસપીઠના સુંદર ઉપદેશથી, બાઈબલથી, કુરાનથી, પુરાણથી, ધર્મચર્ચા કિંવા કેવળ સત્સંગથી પણ થઈ શકતું નથી.

" જીવનના અસીમ અરણ્યમાં વીરવૃત્તિથી ઘુમનારના હૃદય ઉપર પ્રકૃતિ અનેક અનુભવના ટાંચા પાડીને ચારિત્ર્ય ઘડે છે. પુસ્તકોનાં શબ્દપાંડિત્યથી તો મોટે ભાગે બદહજમી જ થઇ જાય છે.

" જોઇએ તો ચારે વેદ અને બધાંયે શાસ્ત્રો ઘોળીને પી જાઓ, પણ આદર્શ ચારિત્ર્યની પ્રાપ્તિ થઇ શકશે નહિ. શબ્દ અને વાણી તો છીછરા જીવનનાં નખરાં છે. ચારિત્ર્યની ઉંડી ગુહામાં તેનો પ્રવેશ થઇ શકતો નથી.

" જો તમે કહેતા હો કે વ્યાખ્યાનો, ઉપદેશો અને ધર્મચર્ચાઓદ્વારા અનેક નર-નારીઓનાં હૃદય ઉપર જીવનવ્યાપી અસર થઇ છે તો એનો ઉત્તર એ છે કે અસર શબ્દની નથી થતી; અસર તો હંમેશાં આચરણની જ થઇ શકે છે.

" જ્યારે ધર્મયુદ્ધનો ઉપદેશક પોતે એકાદ ગાંધી હોય છે, જ્યારે ચર્ચનો પાદરી પંડે ઇશુ હોય છે, જ્યારે મંદિરનો પૂજારી સ્વયં બ્રહ્મનિષ્ઠ હોય છે, જ્યારે મસ્જીદનો મુલ્લાં જાતે પયગંબર યા રસુલ હોય છે, ત્યારે જ તેની અસર થાય છે."

(હસ)

For Private And Personal Use Only